## મુખ્તસર સીરતે હઝરત શૈખુલ ઇસ્લામ

# શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની

રહમતુલ્લાહે અલૈહિ



ઉર્દૂમાં મૂળ લેખક : મૌલાના રઈસ અહમદ બદાયૂની

: ગુજરાતી અનુવાદ :

શાઈરે નાતો મન્કબત, મુસન્નિફે સીરતે સાહિબે વિલાયત,

**હઝરત એહસાને મિલ્લત અલ્લામા મૌલાના**

**સૈયદ એહસાનુલ-હક 'એહસાન' કાદરી રૂહી હુસૈની**

(સજ્જાદાનશીન : હઝરત મુહિબ્બે મિલ્લત સૈયદ દાદામિયાંબાપુ રૂપાલવાલે)

પ્રકાશક : **સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી**

મુ.રૂપાલ, તા.બાવલા, જિ.અહમદાબાદ-૩૮૨૨૨૦, Mob. : 90 99 88 55 91

પ્રકાશન નં. ૨૭ | આવૃત્તિ : બીજી | નકલ : ૧૦૦૦

તા.૧૧-૫-૨૦૧૭ (૧૪ શાબાન ૧૪૩૮) | પ્રથમ આવૃત્તિની નકલ : ૩૦૦૦

તઝમીન :

# મેરા દિલ ભી ચમકા દે ચમકાનેવાલે

અઝ : શાઇરે ઇસ્લામ સૈયદ એહસાન કાદરી નૂરી હુસૈની

Mob. : 98 244 50 194

મુરાદેં અસીરોંકી બર લાનેવાલે
મુકદ્દરકો ચમકા દે, ચમકાનેવાલે
કભી હો ચરાગાં મેરે ઘરમેં આકા
સરે અર્શ, મેઅ્રાજકો જાનેવાલે
ઝરા આ ઇધર, ચૂમ લું તેરી આંખેં
મદીનેકે રોઝેસે, ઓ આનેવાલે
બે-હુબ્બે નબી હૈં, યે બે-કાર સુન લે !
નમાઝોંપે હર લમ્હા ઈતરાનેવાલે
નબીકી ઝમીં, આસ્માં ભી નબીકા
નિકલ જા તૂ દુનિયાસે, બેહકાનેવાલે
નબીસે મુહબ્બત, વલીસે અદાવત
યે હૈં કૌન ? કિસકી અસર પાનેવાલે
હૈં આલે નબીકે ચમન મહકે-મહકે
નહીં યહ ગુલિસ્તાન, મુરઝાનેવાલે
સલામત રહેં મેરે મુરશિદ સલામત
જો પૈગામે ઉલ્ફત હૈં ફૈલાનેવાલે
બુલાલો મદીનેમેં 'એહસાન'કો અબ
ગરીબોં, ફકીરોંકો બુલવાનેવાલે

# મુખ્તસર સીરતે હઝરત શૈખુલ ઇસ્લામ
# શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની
# રહમતુલ્લાહે અલૈહિ

ઉર્દૂમાં મૂળ લેખક : મૌલાના રઈસ અહમદ બદાયૂની

ગુજરાતી અનુવાદ : શાઈરે નાતો મન્કબત,
મુસન્નિફે સીરતે સાહિબે વિલાયત,
**હઝરત એહસાને મિલ્લત અલ્લામા**
**મૌલાના સૈયદ એહસાનુલ-હક**
**'એહસાન' કાદરી હૂદી હુસૈની**
(સજ્જાદાનશીન : હઝરત મુહિબ્બે મિલ્લત
સૈયદ દાદામિયાંબાપુ રૂપાલવાલે)

પ્રકાશક : સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી
મુ. રૂપાલ, તા. બાવળા, જિ. અહમદાબાદ-૩૮૨૨૨૦.
(મો.) ૯૦ ૯૯ ૮૮ ૫૫ ૯૧

# હઝરત મુહિબ્બે મિલ્લત પીરે તરીકત સૈયદ દાદામિયાં રૂપાલવાલે 'મુહિબ' કાદરી હૂદી હુસૈનીકી શાનમેં કસીદા

કલામ અઝઃ
શાઇરે જદીદ
નિઝામ કુરૈશી
'અશરફ'
અહમદાબાદી
(મો.) ૯૩ ૨૮ ૭૮૬ ૯૨ ૦

હૈ ઇઝઝત દાદાબાપૂકી, હૈ અઝમત દાદાબાપૂકી
કે સૈયદ ઇનકા હોના હૈ ફઝીલત દાદાબાપૂકી
યે શફકત દાદાબાપૂકી, યે ચાહત દાદાબાપૂકી
વો અફઝલ હૈ, મિલી જિસકો ભી ઉલ્ફત દાદાબાપૂકી
બલાગત દાદાબાપૂકી, ફસાહત દાદાબાપૂકી
ખતીબોંમેં નિરાલી હૈ ખિતાબત દાદાબાપૂકી
ઇતાઅત દાદાબાપૂકી, રિયાઝત દાદાબાપૂકી
ઉજાલા ખાનકાહોંકા, ઇબાદત દાદાબાપૂકી
ઇસી ગુજરાતમેં ઘર ઘર હૈ શૌહરત દાદાબાપૂકી
ઝમાનેભરપે છાઈ હૈ સિયાદત દાદાબાપૂકી
નસબ હૂદી હુસૈની, સિલ-સિલા હૈ કાદરી ઇનકા
ખુદાકા શુક્ર હમને પાઇ ને'મત દાદાબાપૂકી
તખલ્લુસ હૈ 'મુહિબ' ઇનકા, યે ખુદ હૈં શાઇરે ઇસ્લામ
'મુહિબ્બે મિલ્લતો દીં', શાન-શૌકત દાદાબાપૂકી
ખુદ અપની સલ્તનત છોડી, કિયા હૈ તર્ક દુનિયાકો
વો હાજી હૂદકા જઝબા હૈ ફિતરત દાદાબાપૂકી
યહી દાદામિયાંબાપૂ, યહી રૂપાલવાલે પીર
રહી હર દૌરમેં સબકો, ઝરૂરત દાદાબાપૂકી
શરીઅતકા, તરીકતકા, ખુદાકી મા'રેફતકા ભી
હર ઇક મઝમૂનકા મઝહર, લિખાવટ દાદાબાપૂકી
વિરાસત હૈ નબીકી યે, નવાઝિશ હૈ ખુદાકી યે
સભી જલ્સોંમેં હોતી હૈ સદારત દાદાબાપૂકી
ફુયૂઝ ઇન્આમે હક ગોયા, ઉલૂમ એહસાને હક ગોયા
નઝર હર સિમ્ત આતી હૈ ઇનાયત દાદાબાપૂકી
મદરસોં ઔર ઇદારોંને તરક્કી ઇસ લિયે પાઈ
થી હાસિલ સર-પરસ્તી ઔર હિદાયત દાદાબાપૂકી
હયા, અખ્લાક, બેદારી, ખુલૂસો સાદગી, કિરદાર
દિલોંકી ખીંચતી હૈ મુસ્કુરાહટ દાદાબાપૂકી
છુપાતે થે, છુપાતે હૈં, છુપાએંગે વિલાયત ખુદ
મગર હોતી રહી ઝાહિર, હકીકત દાદાબાપૂકી
હમેશા રંગ લાઈ હૈ, હમેશા રંગ લાએગી
અકીદત દાદાબાપૂકી, મુહબ્બત દાદાબાપૂકી
બદલ દેતી હૈ તકદીરેં, દુઆ ઇનકી, કહે 'અશરફ'
કયામતમેં ભી કામ આએગી નિસ્બત દાદાબાપૂકી

# દમ બહાઉલહક

આ એક સચોટ હકીકત છે કે, ઈસ્લામના પ્રચારનું કામ બાદશાહો કરતાં વધારે બુઝુર્ગાને દીન અને અવલિયા અલ્લાહે અંજામ આપ્યું. આ નઝરિયાથી જોવામાં આવે તો હિન્દોસ્તાનના ઈસ્લામી કાળમાં બે પ્રકારની બાદશાહી સાથે-સાથે કાઈમ હતી. એક તખ્ત અને તાજના સત્તાધીશોની અને બીજી ખાનકાહોના ચટાઈવાળાઓની. એક તે સ્ટેજ જે હુકમરાનીમાં, જંગ-યુધ્ધમાં માનનારો હતો અને તલવાર-તોપથી મુલ્કો ઉપર હુકૂમત કરતો હતો. બીજો તે સ્ટેજ જે પોતાની ઉચ્ચ આદતો અને આલા ખૂબીઓના વડે લોકોના દિલો પર હુકૂમત કરતો હતો.

તેમના કિરદાર એટલા બુલંદ હતા કે, નાના-મોટા સૌ તેમની ગુલામીમાં શામિલ થવું ગર્વ સમજતા હતા. તેમણે એક તરફ હાકેમોને પોતાની નસીહતો થી હકનો માર્ગ દખાડયો. દુનિયાના કારોબારમાં મદદ કરી. હુકૂમતના રીત-રિવાજ સમજાવ્યા અને અલ્લાહના અઝાબથી ડરાવ્યા. તો બીજી તરફ દીનની તબલીગમાં આગળ આગળ રહ્યા, અને ઈસ્લામના પ્રચાર-પ્રસારને પોતાની જિંદગીનો મકસદ કરાર આપ્યો. તે માટે મુકદસ હસ્તીઓએ દૂર-દૂર સુધી સફર પણ કર્યો. જુદી જુદી મુસીબતો પણ સહન કરી. અલ્લાહના દીનને લોકો સુધી પહોંચાડવા માટે પોતાની બેહતરીન કાબેલિયતને કામમાં લાવતા રહ્યા. સચ્ચાઈ, અદલો ઈન્સાફ અને માનવતાનો પ્રચાર કર્યો. રૂહાનિયતના એ જલ્વા દેખાડ્યા કે, જોનારની આખોં હેરાન થઈ ગઈ.

હિંદુસ્તાનના હુકમરાન પણ આ અવલિયા-અલ્લાહથી પ્રભાવશાળી થયા વિના રહ્યા નહીં. મોટાથી મોટા હુકમરાન કોઈને કોઈ વલીની ચોખટ પકડીને બેસેલો નજર આવતો અને પોતાના મકસદોમાં કામયાબી માટે દુઆઓનો ઈચ્છુક રહેતો હતો. અગર કોઈ હાકિમે કોઈ વલીયુલ્લાહનો વિરોધ કર્યો તો, તે ઝલીલ અને રૂસ્વા થઈને કત્લ થઈ ગયો. મુલ્ક છોડીને ભાગી ગયો કે લાચાર કરી દેવામાં આવ્યો. એટલા માટે જ અવલિયા-અલ્લાહની હુકમરાની દુન્યવી હુકમરાની પર રાજ કરતી હતી.

સિન્ધ અને પંજાબ, જ્યાં પ્રથમ મુસ્લિમ હુકૂમત સ્થાપિત થવાનું સદભાગ્ય છે, ત્યાં તેને એ ગર્વ પણ પ્રાપ્ત છે, કે સૂફિયાએ કિરામએ તેજ જગ્યાએ, ઈસ્લામી દુનિયાની વિભિન્ન જગ્યાઓથી હિજરત કરીને પોતાના રહેઠાણ બનાવ્યા અને દીનની તબલીગનો સિલસિલો શરૂ કર્યો.

આ સિલસિલામાં પ્રથમ નામ જે નજર આવે છે. તે હઝરત શૈખ હુસૈન ઝુનજાની રહમતુલ્લાહ અલયહનું છે. જેમણે સૌથી પહેલાં પોતાના પાક કદમોથી હિન્દોસ્તાનની સરઝમીનને સરફરાઝ કરી. આપના પછી હઝરત શૈખ અબુલ હસન અલી હિજવેરી રહમતુલ્લાહ અલયહ પોતાના પીરના હુકમથી હિન્દોસ્તાન તશરીફ લાવ્યા. જે રાત્રે હઝરત અબુલ હસન હિજવેરી રહમતુલ્લાહ અલયહ લાહોરની હદમાં દાખલ થયા, તેજ રાત્રે તેમના પીરો મુરશિદ હઝરત શૈખ હુસૈન ગુનજાની રહમતુલ્લાહ અલયહેનો વિસાલ થઈ ગયો.

આપના પછી હિન્દુસ્તાનમાં મોટા-મોટા કામિલ દુરવેશોના

આગમનનો સિલસિલો શરૂ થયો. કેટલાક જલીલુલ કદ્ર સૂફિયાએ કિરામે હઝરત અલી હિજવેરી રહમતુલ્લાહ અલયહના મુકદસ મઝાર પર ચિલ્લાકશી કરીને મોટા અઝીમ મરતબાઓ પ્રાપ્ત કર્યા.

ઈતિહાસમાં જ્યાં દીનના પ્રચાર માટે બીજા અવલિયા અલ્લાહના આગમનનું વર્ણન છે ત્યાં **હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની** રહમતુલ્લાહ અલયહનું પણ વર્ણન મળે છે. હઝરત શૈખ કમાલુદીન અલીશાહ રહમતુલ્લાહ અલયહનું પણ વર્ણન મળે છે. હઝરત શૈખ કમાલુદીન અલીશાહ રહમતુલ્લાહ અલયહ મક્કા મુઅઝઝમાથી ખવારઝમ તશરીફ લાવ્યા. અને થોડાક સમયના રોકાણ પછી મુલતાન શહેરમાં આવીને આબાદ થઈ ગયા. તે સમયે મુલતાનની સરઝમીન કુબ્બતુલ ઈસ્લામ (ઈસ્લામનું ગુમ્બદ) તરીકે કહેવામાં આવતી હતી. મોટા-મોટા કમાલવાળા આલિમો, ફાઝિલો, અવલિયા અલ્લાહ મુલતાનમાં સ્થાઈ થયા હતા. હઝરત શૈખ બહાઉદીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહના જદ્દે અમજદ હાજીએ હરમૈન શરીફૈન હતા. રિયાઝત અને તકવામાં કમાલના દરજ્જા ઉપર હતા. તેમના રોકાણથી મુલતાનના લોકો ઘણા જ પ્રભાવશાળી અને અનુપમ શ્રધ્ધાથી પેશ આવતા હતા.

હઝરત શૈખ કમાલુદીન અલીશાહ રહમતુલ્લાહ અલયહના ફરઝંદે દિલબંદ જેમનુ નામ વજીહુદીન હતુ. અત્યંત નેક ચારિત્ર, ફરિશ્તા જેવી આદતવાળા માણસ હતા. તેમની ગોળ ફરતે દરેક સમયે હકના તલબગારોનો મજમો રહેતો હતો. આપના જ ફરઝંદે અર્જુમંદ હઝરત શૈખ ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહ હતા.

જેમના ફૈઝ અને બરકતો આજે પણ મુલતાનમાં જારી અને સારી છે. રિવાયત છે કે ચિનાબ નદીમાં હોડી ડૂબી જતી હતી. જેને હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહે પોતાની રૂહાની તાકતથી બચાવી લીધી હતી. માટે મુલતાન ના હોડીઓ ચલાવનારાઓ આજે પણ **'દમ બહાઉલહક'** નો નારો લગાવે છે અને મુસીબતના સમયે આપથી જ રૂહાની મદદ માંગે છે.

## શરૂઆતનો હાલ

હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહની વિલાદતે બા-સઆદતના વિશે ઈતિહાસકારોમાં મતભેદ જોવા મળે છે. "સફી-નતુલ અવલિયા" અને "આઈ-ન એ અકબરી" માં જન્મની સાલ હિજરી ૫૬૫ લખેલી છે. "અખબારે સુહરવર્દીયા" માં "ખઝી-નતુલ અસ્ફિયા" ની રિવાયતથી અને "તારીખે ફરિશ્તા" માં હિજરી ૫૭૮ છે. ઠે. કોટકરોળ, જિ. મુઝફ્ફરગઢ લખ્યું છે.

હસબ-નસબ માં હઝરત શૈખ મુલતાની મક્કાએ મુઅઝઝમાના "કુરૈશીયુલ અસદી" થી સંબંધ ધરાવે છે. હઝરતના જદ્દે અમજદ (દાદા) હઝરત શૈખ કમાલુદ્દીન અલીશાહ મક્કાએ મુઅઝઝમાથી નીકળીને ખ્વારઝમ માં રહ્યા. પછી મુલતાનને પોતાનું વતન બનાવ્યું. અહીંયા હઝરત કમાલુદ્દીન અલીશાહના સાહબઝાદા હઝરત મૌલાના હિસામુદ્દીન તિરમિઝીની દુખ્તરે નેક સીરત, બીબી ફાતિમા થી થયા. મૌલાના બહુજ મોટા સદાચારી હતા. તેમની ઈલ્મ અને જાણકારી પોતાના સમયમાં શ્રેષ્ઠ હતી. જાણીતા તાતારિયોના

ફિત્નાથી બચવા, વતનને તર્ક કરીને સુલતાન મહમૂદ ગઝનવીના જીતેલા વિસ્તાર મુલતાનમાં આવીને વસ્યા. બીબી ફાતિમાના બતને મુબારક (પેટ) થી હઝરત શૈખનો જન્મ થયો હતો.

"સાહિબે અનવારે ગોષિયા" કલમી "ખુલા-સતુલ આરેફીન" ના હવાલાથી લખીએ છીએ કે હઝરતના વાલિદ એક કામિલ વલી હતા. અને હંમેશા મુસાફરી કરતા રહેતા હતા. જ્યારે આપ શહેર હામહ શરીફમાં તશરીફ લઈ ગયા તો ત્યાં શૈખ હઝરત ઈસા રહમતુલ્લાહ અલયહ જે હઝરત ગૌષુલ આઝમ પીરાને પીર દસ્તગીર, રૌશનઝમીર હઝરત મોહયુદ્દીન સૈયદ અબ્દુલ કાદિર જીલાની રદિયલ્લાહો અન્હોની ઔલાદમાંથી હતા. પોતાની દુખ્તરે નેક સીરત બીબી ફાતિમાના નિકાહ તેમના સાથે કરી દીધા. તે થોડાક સમય ત્યાં રોકાઈને કોટ કરોળમાં તશરીફ લઈ આવ્યા. અને અહીયાં જ હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહેનો જન્મ થયો હતો.

## નસબ નામા (પેટી નામું)

પ્રોફેસર મુહમ્મદ શફીઅ પોતાની કિતાબ "શૈખુલ કબીર બહાઉદ્દીન ઝકરિયા મુલતાની" માં આપનું ખાનદાની નસબ આ પ્રમાણે લખ્યું છે.

(૧) અબૂ મોહમ્મદ ઝકરિયા મુલતાની બિન (૨) વજીહુદ્દીન મુહમ્મદ બિન (૩) કમાલુદ્દીન શાહ અલી કુરૈશી બિન (૪) સુલતાન મુહમ્મદ જલાલુદ્દીન બિન (૫) સુલતાન અલી કાઝી બિન (૬) શમ્સુદ્દીન મુહમ્મદ કરવળી બિન (૭) સુલતાન હુસૈન બિન (૮)

સુલતાન અબ્દુલ્લાહ બિન (૯) અલ હુસૈન બિન (૧૦) સુલતાન મુતરફહ બિન (૧૧) સુલતાન ખુઝૈમહ બિન (૧૨) અમીર હાઝિમ બિન (૧૩) અમીર તાજુદ્દીન બિન (૧૪) અમીર અબ્દુર રહીમ બિન (૧૫) અબ્દુર રહમાન બિન (૧૬) હબાર બિન (૧૭) અસદ બિન (૧૮) હાશિમ બિન (૧૯) અબ્દેમુનાફ

## તાલીમ અને તરબીયત

આપની તાલીમ તરબીયત ઘણીજ નાની વયે શરૂ થઈ. કહેવામાં આવે છે કે, જ્યારે આપના વાલિદે મુહતરમ કલામે પાકની તિલાવત કરતા તો આપ દૂધ છોડીને અત્યંત ધ્યાનપૂર્વક સાંભળતા હતા. આ હાલ જોઈને આપના ઘરવાળા અચંબામાં પડી જતા. આપના સારા કાર્યથી બાળપણના સાથીઓમાં આપ અલગ પડતા હતા. આપ જ્યારે મકતબમાં પઢતા હતા તો આપે કોઈકના સવાલમાં જવાબ આપ્યો કે, 'હક તબારક તઆલા એ જ્યારે "અલસતુ બે રબ્બિકુમ" (અર્થ : શું હું તમારો રબ નથી ?) ફરમાવ્યું હતું તે સમયથી અત્યાર સુધીના તમામ બનાવો, એવી રીતે જાણું છું જાણે કે મારી આંખોના સમક્ષ થયા હોય.'

આપ ફક્ત સાત વર્ષની વયે સાતેય કિરઅતોની સાથે કલામુલ્લાહ શરીફ હિફઝ કરી (યાદ) કરીને મશહૂર કારી થઈ ગયા હતા. જ્યારે આપની ઉંમર બાર વર્ષની થઈ તો, આપના વાલિદે મુહતરમનો સાયો આપના સરથી ઉઠી ગયો. પરંતુ આપની તાલીમ દસ્તૂર (તરીકા) મુજબ અપાતી રહી.

આપની આલા તરબીયત અને ખુદાએ આપેલી યાદ શક્તિનો એ આલમ હતો કે, એક વાર જે ચીજ નજર નીચેથી પસાર થતી તે યાદ થઈ જતી હતી. આપે ઈલ્મ પ્રાપ્ત કરવાના શોખમાં, મુસાફરી પણ કરી. વાલિદે મુહતરમની વફાત પછી આપે મુલતાનથી ખુરાસાનનો સફર કર્યો. ત્યાં પહોંચીને સાત વર્ષ સુધી બુઝુર્ગાને દીનથી ઈલ્મે જાહેરી અને બાતિની પ્રાપ્ત કર્યું. પછી બુખારા જઈને ઈલ્મ પ્રાપ્ત કર્યુ અને ત્યાં સુધી કમાલ પ્રાપ્ત કર્યો કે ઈલ્મે ઈજતિહાદ, મુશાહિદા અને મકાશિફામાં ઘણા જ વિદ્વાન થયા. આપના કાર્યો દિલને મોહી લે તેવા અને આદતો લોકોને ઈચ્છુક બનાવી દે તેવી હતી. જેના કારણે બુખારાવાળા આપને 'બહાઉદ્દીન ફરિશ્તા' કહેતા હતાં. આપની શોહરત ઝડપથી ખુરાસાન અને બુખારા ના ખૂણે-ખૂણામાં પહોંચી ગઈ.

બુખારામાં આઠ વર્ષ સુધી ઈલ્મ પ્રાપ્ત કર્યા પછી આપ હજના માટે મક્કાએ મુઅઝ્ઝમા તશરીફ લઈ ગયા અને હજના અરકાનો પૂરા કરીને રહમતે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના રોઝાએ અકદસના મુજાવર બનીને રહ્યા. એ જ સમયગાળામાં હઝરત મૌલાના શૈખ કમાલુદ્દીન મુહમ્મદ યમનીથી, જે પોતાના દૌરના જલીલુલ કદ્ર મોહદ્દિષ હતા અને જેમણે પાછલા ૫૩ વર્ષ સુધી રોઝએ અકદસ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મુજાવરી કરી હતી, તેમનાથી હદીષશરીફ પઢ્યા. પછી તઝકીએ કલ્બ (હૃદયનું શુધ્ધિકરણ) અને તસફીયએ બાતિન (આંતરિક સફાઈ) ની કોશિશમાં કડક વલણ શરૂ કર્યુ. પછી હુઝૂર રહમતે આલમ

સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી રજા મેળવીને બૈતુલ મુકદસ તશરીફ લઈ ગયા. અને અંબિયા અલૈહિમુસ્સલામના રોઝાઓની ઝિયારત કરી અને આલી કરામત અને બુલંદ મકામ મેળવ્યા પછી બગદાદશરીફ તશરીફ લઈ ગયા.

બગદાદમાં હઝરત પીરાનેપીર અને બીજા અવલિયા અલ્લાહના રોઝાઓની ઝિયારત કર્યા પછી હઝરત શૈખુશ્શુયૂખ અબૂ હફસ શહાબુદ્દીન ઉમર સુહરવર્દી રહમતુલ્લાહ અલયહની ખિદમતમાં હાજર થયા. અને ફક્ત ૧૭ દિવસના રોકાણમાં હઝરત શૈખુશ્શુયૂખે આપને ખિરકએ ખિલાફત અતા કર્યો.

હઝરત શૈખની આ ઈનાયત ઉપર અન્ય મુરીદોમાં ચર્ચા થઈ કે, મુજાહિદાત અને મકાશિફાતમાં કાબિલ અને કામિલ ઘણી વ્યક્તિઓ હઝરતની ખિદમતમાં લાંબા સમયગાળાથી હાજર છે. પરંતુ આજ સુધી કોઈને નવાઝવામાં આવ્યા નથી પરંતુ એક હિંદી ફકીરે આ દૌલત પ્રાપ્ત કરી લીધી.

હઝરત શૈખુશ્શુયૂખે પોતાના બાતિની નૂરથી જાણી લીધુ કે, કેટલાક લોકોમાં ખિરકએ ખિલાફતના વિશે હઝરત બહાઉદ્દીન ઝકરિયાથી ઈર્ષા પૈદા થઈ ગઈ છે. આપે ભરી મજલિસમાં ઈરશાદ ફરમાવ્યો, તમે લોકો લીલી લાકડીઓના જેવા છો. જેમાં અગ્નિ ઘણીવાર પછી અને મુશ્કેલીથી સળગે છે. બહાઉદ્દીન ઝકરિયા મુલતાની સૂકી લાકડી જેવા છે. અને અગ્નિ સૂકી લાકડીને જલ્દી પકડી લે છે.

હઝરત શૈખ બહાઉદ્દી મુલતાની પોતાના પીરો મુરશિદથી

ફૈઝે બાતિની અને ખિરકએ ખિલાફત મેળવીને પોતાના પીરની રજા લઈને મુલતાન માટે રવાના થઈ ગયા. તો હઝરત જલાલુદ્દીન તબરેઝી પણ હઝરત શૈખુશ્શુયૂખથી રજા લઈને આપની સાથે થઈ ગયા. હઝરત શૈખ ફરીદુદ્દીન અત્તાર રહમતુલ્લાહ અલયહની ખિદમતમાં હાજર થયા. ત્યાંથી પરત ફરતી વખતે હઝરત જલાલુદ્દીન તબરેઝીથી પૂછ્યું કે 'દુરવેશીમાં કોને બેહતર જોયા ?' હઝરત જલાલુદ્દીન તબરેઝીએ જવાબ આપ્યો 'શૈખ ફરીદુદ્દીન અત્તારને' હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલતાનીએ પૂછ્યું 'તેમનાથી શું વાતચીત થઈ ?'

હઝરત જલાલુદ્દીન તબરેઝી એ ફરમાવ્યું 'હઝરત ફરીદુદ્દીન અત્તારે મને જોતાં જ પૂછ્યું કે, તમે લોકો ક્યાંથી આવ્યા ? મેં જવાબ આપ્યો બગદાદથી આવુ છું. પછી પ્રશ્ન કર્યો કે, ત્યાં કયા દુરવેશ મશગૂલ-બહક છે ? હું ખામોશ રહ્યો.'

હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાનીએ પૂછ્યું કે 'આપે આપના મુરશિદ હઝરત શૈખુશ્શુયૂખ શહાબુદીન ઉમર સુહરવર્દીના વિશે કેમ ન કહ્યું ?'

જલાલુદ્દીન તબરેઝીએ જવાબ આપ્યો કે "મારા દિલ ઉપર હઝરત શૈખ ફરીદુદ્દીન અત્તારનો એટલો રોબ જામેલો હતો કે, હું હઝરત શૈખુશ્શુયૂખ શહાબુદીન સુહરવર્દીને ભૂલી ગયો."

આ વાત સાંભળીને હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહને ઘણો જ રંજ થયો. તે હઝરત જલાલુદ્દીન તબરેઝીથી અલગ થઈને મુલતાનની તરફ કૂચ કરી ગયા.

અને હઝરત જલાલુદ્દીન તબરેઝી ખુરાસાનની તરફ ચાલ્યા ગયા.

હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલતાની એક રાત્રે એવી જગ્યાએ રોકાણ કર્યુ કે, ત્યાં મુસાફરખાનું ન હતુ. મજબૂરીના કારણે આપે ઝાડની નીચે આરામ કરવાનો ઈરાદો કર્યો. આપની સામે કલંદરોની એક જમાઅત પણ રોકાએલી હતી. જ્યારે રાત્રે આપ યાદે હકમાં તલ્લીન થઈ ગયા તો અચાનક આપની નજર કલંદરો ઉપર પડી, આપે જોયું કે ઘણાંય કલંદરો તો ઊંઘી રહ્યા છે. પરંતુ એક કલંદર બેઠેલો છે. તેના માથાથી આકાશ સુધી નૂર ચમકી રહ્યું છે આ જોઈને આપને મોટું આશ્ચર્ય થયું. આપે તેના પાસે જઈને ધીમેથી પૂછયું 'અય મર્દે હક ! તુ આ ઊંઘવાવાળા લોકોમાં રહીને શું કરે છે ?'

તેણે જવાબ આપ્યો 'અય ઝકરિયા ! દરેક કૌમમાં એક ખાસ હોય છે અને રબ્બે અકબર તે કૌમને તેના વસીલાથી અને વાસ્તાથી બખ્શી દે છે.' આપે પોતાની કૃપા દ્રષ્ટી કરીને તે કલંદરને મજઝૂબિયતના આલમમાંથી સુલૂકના આલમમાં પહોંચાડી દીધો. અને તેનો કલંદરી પોશાક બદલાવી દીધો.

રિવાયત છે કે, તે કલંદર આલિમ અને ફાઝિલ હતા. મૂસલ શહેરના રહેવાસી હતા. તેમણે મજઝૂબિયતના આલમમાં હઝરત સૈયદ જમાલુદ્દીન મુજર્રદના મઝાર પર જઈને કલંદરીનો પોશાક પેહરી લીધો હતો. આજે તેમનો મઝારે મુબારક યઝદ અને અસગહાનના વચ્ચે નામિન નામના કસ્બામાં છે.

હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની જ્યારે પોતાના

કમાલાત અને બરકાતની સાથે મુલતાનમાં તશરીફ લાવ્યા તો, મુલતાનના મોટા મોટા આલિમો, અવલિયા-અલ્લાહને રશ્ક (ઈર્ષા) થયો, તેમને ભેટ સ્વરૂપે એક દૂધનો પ્યાલો ભરીને આપની ખિદમતમાં મોકલ્યો. જેનો અર્થ એ હતો કે મુલતાનમાં મોટા-મોટા અવલિયા અલ્લાહ અને આલિમો મૌજૂદ છે. આખાય મુલતાનમાં એવી કોઈ જગ્યા નથી કે જ્યાં કોઈ બુઝુર્ગ ન હોય. એટલે મુલતાન શહેર અવલિયા અલ્લાહથી (ભરેલો છે.) અને હવે કોઈની જરૂરત નથી. હઝરત શૈખુલ ઈસ્લામ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ તઆલા અલયહે આ ઈશારાને સમજી ગયા તે દૂધથી ભરેલા પ્યાલામાં એક ગુલાબ નાખી દીધુ. જેનો અર્થ એ હતો કે, અગર ભલે મુલતાનમાં અવલિયા અલ્લાહ અનેક છે. પરંતુ મારી હેસીયત તે અવલિયા અલ્લાહમાં ગુલાબના ઉદાહરણ જેવી છે. એટલે મુલતાનના અવલિયામાં મારી હેસિયત આલા (શ્રેષ્ઠ) હશે. આ જવાબને મેળવીને મુલતાનના બુઝુર્ગોને દીન આપના ઈલ્મ અને અમલથી વખાણ કરનારા બની ગયા. અને કેટલાક તો આપની મુહબ્બતમાં ગિરફતાર થઈ ગયા.

## મુલતાનમાં રોકાણ

મુલતાનમાં આપે એક સમયગાળા સુધી એકાંતવાસ કર્યુ. ઈબાદત અને રિયાઝતમાં રચ્યા પચ્યા રહ્યા. પરંતુ મુલતાનીઓ, જેમને આપના ઈલ્મો ફઝલની જાણ થઈ ગઈ હતી, તે આપને એકાંતમાં રેહવા દેતા હશે ? જ્યારે આપને વધારે મજબૂર કરવામાં આવ્યા તો, આપ ખલ્કે ખુદાની રહનુમાઈ માટે તૈયાર થયા અને

ખુદાના બંદાઓમાં દર્સ, સબક, વઅઝ અને નસીહતની શરૂઆત કરી. ખલ્કે ખુદાએ આપની વઅઝો અને નસીહતોથી દીની અને દુનિયાના લાભો પ્રાપ્ત કર્યા. પછી આપે અલ્લાહના દીનની તબ્લીગમાં એ કામ કરી દેખાડયું કે, લોકો આપના દીવાના બની ગયા. થોડા જ સમયમાં આપની નસીહતોની જાહેરમાં ચર્ચા થવા લાગી. આપની શોહરત દૂર-દૂર ફેલાઈ ગઈ. અને આપના શ્રધ્ધાળુઓ અને મુરીદોમાં વધારો થવા લાગ્યો.

## મુલતાનનો ભૌગોલિક હાલ

પ્રખ્યાત ચીની મુસાફિર હયવન સાંગ ઈ.સ. ૬૪૧ માં છેલ્લે જ્યારે સિંધ આવ્યો અને મુલતાનના રસ્તે પસાર થયો તો તે મુલતાનની વાત કરતા લખે છે કે, આ શહેર કોઈ ઝમાનામાં **'મલીઅસથાન પુરા'** ના નામથી પ્રખ્યાત હતું. અહિંયા મલી કૌમ આબાદી હતી.

ઈ.સ. પૂર્વે ૩૨૫ કે ૩૨૬ માં સિકંદરે આઝમ જ્યારે અહિંથી પસાર થયો તો તેને **'મલી'** કૌમથી ટક્કર થઈ. ભયંકર જંગ થઈ. સિકંદરે આઝમે જીત મળી અને કેટલાય શહેર તેના કબજામાં આવી ગયા. તેમાં આ **'મલાઈ'** કે **'મલીઅસથાનપુરા'** પણ હતું. સર એલીકઝન્ડરે પોતાની નોંધમાં મુલતાનને **'મલીથાન'** લખ્યું છે. તે લખે છે કે, મેં લોકોને **'મલીથાન'** કેહતા પોતાના કાનોથી સાંભળ્યું છે. એવીજ રીતે પ્રખ્યાત ઈતિહાસકાર અને પ્રવાસી અલ બૈરૂનીએ પણ એક કાશ્મીરી ઈતિહાસકારના હવાલાથી મુલતાનને **'મુલતાનહ'** લખ્યું છે. જે પછી અપભ્રંશ થતા **'મુલતાન'** થઈ ગયું.

## મુલતાન જીલ્લાની ચારે હદો

મુલતાન જીલ્લાના ઉત્તરમાં ઝંગ, દક્ષિણમાં બહાવલપુર, પૂર્વમાં સાહીવાલ અને પશ્ચિમમાં મુઝફફરગઢ છે. બહાવલપુર અને મુલતાન જીલ્લાને સતલજ નદી જુદા કરે છે. ચિનાબ નદી મુઝઝફરગઢને જીલ્લા મુલતાનથી અલગ કરે છે.

મુલતાન શહેર એક ઘણી જ ઊંચી ચોટી (શિખર) પર આબાદ છે. જેમાં કેટલાય પ્રાચીન શહેરોના ચિન્હો જોવા મળે છે. તેની ચારેય બાજુ એક મજબૂત દિવાલ છે. જે અંગ્રેજોની હુકૂમતના સમયથી પહેલા, ૪૦-૫૦ ફુટ ઊંચી હતી. શહેર ચિનાબ નદીથી ફક્ત ૩ માઈલ દૂર છે. અને સતલજ નદીથી ૪૫ માઈલ દૂર છે. બહાવલપુરથી લગભગ ૫૦ માઈલ અને લાહોરથી લગભગ ૨૧૨ માઈલ દૂર છે. મુલતાનની પૂર્વ દિશાએ એક ઘણોજ મોટો પ્રાચીન કિલ્લો છે. જેની મજબૂતી અને ઊંચાઈના અવશેષો આજે પણ જોવા મળે છે.

શહેરમાં પ્રવેશ કરવા માટે ૬ દરવાજા છે. પૂર્વની દિશાએ દૌલત દરવાજો અને કિલ્લો, દક્ષિણમાં હરમ દરવાજો અને પાક દરવાજો, ઉત્તરમાં લાહોરી દરવાજો અને ખિઝરી દરવાજો છે. ખિઝરી દરવાજા કિલ્લામાં પ્રવેશ કરવા માટે ઉપયોગ કરવામાં આવતો હતો. શહેરમાં ઠેર-ઠેર છ-છ અને સાત-સાત માળના મકાનો છે. અને સાંકડી ગલીઓ છે. જેના કારણે મુલતાનમાં ધૂપ અને ગરમીમાં કમી મેહસૂસ થાય છે. અહિંયા દિવસ ગરમ અને રાત ઠંડી હોય છે. આમ તો સૂકી હવાઓ ચાલતી રહે છે. ક્યારેક આ સૂકી હવાઓ

આંધીમાં બદલાઈ જાય છે. જેના કારણે ગરમી ઓછી થઈ જાય છે.

## મુલતાનનો ઈતિહાસ

આ શહેરમાં ત્રણ બાદશાહોનો જન્મ થયો છે. પહેલા સુલતાન મુહમ્મદ તગલકશાહ, જેનો લાહોરી દરવાજાની પાસે એક નાના ગામમાં જન્મ થયો. આ જગ્યાને કળાતોલેખાં કહેવામાં આવે છે. બીજો સુલતાન બેહલોલ લોધી ૧૫મી સદીની શરૂઆતમાં હુસૈન આગાહી મોહલ્લા કાઝીયાંવાલામાં પૈદા થયો. ત્રીજો સુલતાન અહમદ શાહ અબ્દાલી જે દુર્રાની ખાનદાનનો પ્રથમ બાદશાહ હતો. મુલતાનના પ્રાચીન ઈતિહાસની જાણકારી સિકંદરે આઝમની ફુતૂહાત (કિતાબો) થી મળે છે. જેના પછી આ શહેર સતત હુમલાઓનું શિકાર થતું રહ્યું. પરંતુ તેની રોનક વધતી રહી. ખાસ કરીને શિક્ષણ અને હુન્નરમાં પૂર્વમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત રહી. જો કે હઝરત ઝકરિયા મુલતાનીએ તેને ઇઝઝત અર્પણ કરી.

## હાકિમના દરબારમાં સત્ય બોલવું

હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહેના સમયમાં મુલતાનનો હાકિમ નાસિરુદ્દીન કબાચા હતો. જે સુલતાન શમ્સુદ્દીનનો હરીફ હતો અને સુલતાનથી દરેક સમયે ખફા રહેતો હતો. હઝરત શૈખનું દિલ સુલતાન શમ્સુદ્દીન તરફ ઝુકેલું હતું. કેમકે પોતાના ઝોહદો તકવા, દીનદારી અને શરીઅતની તરફદારીના કારણે સુલતાનની અવલિયા-અલ્લાહમાં ગણના થતી હતી. આ બાજુ નાસિરુદ્દીન કબાચા સુલતાનની વધતી તાકત અને

દબદબાને જોઈને તેમના વિરૂધ્ધ સાજિશ (ષડયંત્ર) જાળ બીછાવા માંગતો હતો.

હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહને જ્યારે આ વાતની જાણ થઈ તો આપને ઘણો જ અફસોસ થયો. મુલતાનના શહેર કાઝી મૌલાના શરફુદીન અસ્ફહાનીને પણ આ વાત પસંદ ન આવી. તે દીનના હામી અને શ્રેષ્ઠ આલિમ હતા. તેમણે દીનની ભલાઈ તેમાં જ સમજી કે સુલતાન શમ્સુદીન અલ્તમશને નાસિરુદીન કબાચાના કાવતરાથી ચેતવી દે. આ વિશે હઝરત શૈખ ઝકરિયા મુલતાની એ પણ તેમની તરફદારી કરી અને તેને સદકાર્ય સમજીને સુલતાન અલ્તમશને કબાચાના કાવતરાઓથી ખબરદાર કરવાનો પાક્કો ઈરાદો કરી લીધો. તે માટે કાઝી અસ્ફહાની અને હઝરત શૈખ મુલતાની બન્નેએ સુલતાન શમ્સુદીન અલ્તમશને જુદા-જુદા પત્રો લખ્યા. જેમાં નાસિરુદીન કબાચાના કાવતરાઓનો સવિસ્તાર વર્ણન લખ્યો. અને દીનની ભલાઈ માટે હિદાયત પણ લખી મોકલી. બનવા કાળે તે બન્ને પત્રો કબાચાના નોકરોના હાથે લાગી ગયા. તેમણે તેને તરત જ નાસિરુદીન કબાચાના સમક્ષ રજૂ કરી દીધા. નાસિરુદીન તેને જોતાં જ લાલચોળ થઈ ગયો. અને એક હુકમનામાની સાથે બન્ને બુઝુર્ગોને દરબારમાં બોલાવ્યા, આ બન્ને બુઝુર્ગ એટલે કાઝી અસ્ફહાની અને શૈખ મુલતાની તેના દરબારમાં પહોંચ્યાં, તો નાસિરુદીન કબાચાએ કાઝી સાહેબને પોતાની સામે અને હઝરત શૈખને સમકક્ષ બેસાડ્યા, સૌથી પહેલાં કાઝી સાહેબના હાથમાં પત્ર આપ્યો. તે તેને જોઈને ખામોશ ચુપચાપ થઈ ગયા.

બીજી વાર પૂછપરછ કરી તો પણ ચુપચાપ રહ્યા તો કબાચા ગુસ્સામાં કાબૂ બહાર થઈ ગયો અને જલ્લાદને હુકમ આપ્યો કે તેમનું સર કલમ (શિરચ્છેદ) કરવામાં આવે જલ્લાદે આગળ વધીને માથું કાપી નાખ્યું.

તે પછી તે હઝરત શૈખ બહાઉદ્દીન મુલતાની રહમતુલ્લાહ અલયહેની તરફ ફર્યો અને હઝરતનો પત્ર પણ તેમના હાથમાં આપ્યો. આપે પણ વાંચ્યો અને જલાલમાં ફરમાવ્યું કે "બેશક આ પત્ર મારો છે. પરંતુ મેં હક તઆલાના હુકમથી તેમને લખ્યો છે. અને જ્યાં સુધી મને ઈલ્મ છે મેં આ પત્ર બિલકુલ સાચો લખ્યો છે." આ સાંભળી કબાચા કાંપી ગયો, હઝરતના રોબ અને જલાલને સહન કરી શક્યો નહિ. તે માફીનો તલબગાર બન્યો અને પોતાની બેવકૂફી પર અફસોસ કરીને, હઝરત શૈખને એઝાઝ અને ઈકરામ સાથે દરબારથી વિદાય કર્યા.

આ બનાવ પછી આપની રૂહાનિયતનો અસર કબાચાના દરબારીઓ પર એવો થયો કે, કેટલાક દરબારી આપના ચાહક થઈ ગયા. ઈ.સ. ૧૨૨૭ માં શમ્સુદીન અલ્તમશે ઑચને ઘેરી લીધું અને ફતેહ કરી લીધું, આ હંગામામાં નાસિરુદીન કબાચા સિંધુ નદીમાં ડૂબી મર્યો.

## શાહી દરબારમાં ન્યાયાધીશના હોદ્દા પર

હઝરત શૈખના દોસ્ત જલાલુદીન તબરેઝી રહમતુલ્લાહ અલયહ જ્યારે દિલ્હી તશરીફ લાવ્યા, તો સુલતાન શમ્સુદીન અલ્તમશ દિલ્હીના તખ્ત પર હતા અને નજમુદીન સુગરા શૈખુલ

ઈસ્લામ હતા માટે સુલતાન અલ્તમશ, અવલિયા-અલ્લાહની કદર કરતા હતા. તે માટે તેમણે શૈખ જલાલુદીન તબરેઝીની ઘણીજ કદરદાની કરી જેના કારણે હઝરત શૈખ નજમુદીન સુગરાને હષદ પૈદા થઈ અને શૈખ જલાલુદીન તબરેઝીને રૂસ્વા અને બદનામ કરવા તદબીરો વિચારવા લાગ્યા. જાત જાતના કાવતરા કર્યા પણ પરંતુ કોઈ સફળતા મળી નહીં. તો તેમને અત્યંત ખરાબ વાત તેમની સમજમાં આવી તેમણે વિચાર્યું કે શૈખ જલાલુદીન પર ઝિનાનો આરોપ લગાવવામાં આવે. તે માટે એક ઝવેરીને આ કામ માટે નિયુક્ત કર્યો. અને લાલચ આપીને હઝરત શૈખ જલાલુદીન તબરેઝી ઉપર આરોપ લગાવી દીધો. જ્યારે સુલતાન અલ્તમશને આ વાતની જાણ થઈ તો તેમણે તમામ હિન્દોસ્તાનના મશહૂર આલિમો અને મશાઈખોને દરબારમાં હાજર થવાની દાવત આપી. બધા જ ભેગા થયા તો નજમુદીન સુગરાએ, શૈખુલઈસ્લામની હેસિયતથી હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા રહમતુલ્લાહ અલયહને ન્યાયાધીશ નિયુક્ત કરી દીધા. આ કાર્યને બધાએ પસંદ કર્યુ.

## શૈખુલ ઇસ્લામનો હોદ્દો

જ્યારે મુકદમાનું કામ શરૂ થયું તો મોટા મોટા આલિમો અને સૂફિયા એ કિરામની હાજરીમાં એ રહસ્ય ખુલ્યું કે શૈખુલ ઈસ્લામ મૌલાના નજમુદીન સુગરા દ્વારા હઝરત શૈખ જલાલુદીન તબરેઝી પર જે આરોપ લગાવવામાં આવ્યો છે, તેમાં જરા પણ સચ્ચાઈ નથી. જેના કારણે નજમુદીન સુગરા અત્યંત ઝલીલ અને શરમિન્દા થયા. અને શરમિન્દગીને સહન કરી શક્યા નહિં, અને

બેભાન થઈ ગયા. અને ખોટા આરોપની સજામાં શૈખ નજમુદીનને શૈખુલ ઈસ્લામના હોદ્દા પરથી બરતરફ કરી દીધા. અને શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની ને શૈખુલઈસ્લામના હોદ્દા પર નિયુક્ત કર્યા, આપ કેટલાક સમય સુધી હોદ્દા પર કામ કરતા રહ્યા. તેમના પછી આપની ઔલાદ પણ તે હોદ્દા પર નિયુક્ત થઈ અને હુકૂમતથી ફાયદો મેળવતી રહી. હઝરત શૈખની સત્ય બોલીથી દરબારીઓ ઘણાં જ પ્રસન્ન થયા. દરબારના મોટા-મોટા ઉમરાવો આપના ફરમાંબરદાર થઈ ગયા.

## મુલતાનમાં દર્સો-તદરીસ (શિક્ષણ સેવા)

હિજરી ૬૧૪માં આપ બીજી વખત મુલતાનમાં તશરીફ લાવ્યા. તે સમયે આપની વય ૪૯ વર્ષની હતી. આપની તબીયતમાં એક જોશ હતો. તો પણ એકાંતવાસ ચાહતા હતા અને દુનિયાવાળાથી દૂર રહેવા માંગતા હતા. પરંતુ મુલતાનવાળાઓ એ આપથી રજૂઆત કરી કે આપ તબલીગે દીનનો સિલસિલો શરૂ કરો. મુલતાનીઓની આ રજૂઆતથી આપે તબલીગે દીનનો સિલસિલો શરૂ કર્યો અને મુલતાનની હાલત ઈલ્મે જાહેરી અને ઈલ્મે બાતિનીથી બદલી નાખી. દરેક દિશાએ મસ્જિદો તૈયાર થવા લાગી. મદ્રસાઓ બનવા લાગ્યા. લંગરખાનાઓ બનાવાયા. શહેરમાં મોટી-મોટી અને સાફ સુથરી ઈમારતો બનવા લાગી અને મુલતાનની રૌનક વધવા લાગી.

મુલતાનનો તે મદ્રસો, જેના આપ મોહતમિમ (સંચાલક) હતા. ધીમે-ધીમે ઈસ્લામી સેન્ટર યુનિવર્સિટી બની ગઈ. જેમાં બધા જ દીની અને દુનિયાના શિક્ષણ, ફન, કારીગરીની તાલીમ આપવામાં

આવતી હતી. અને આ યુનિવર્સિટીમાં મુલતાનનાં નજીકના અને હિંદુસ્તાનના કેટલાય શહેરોથી વિદ્યાર્થીઓ તાલીમ પ્રાપ્ત કરવા માટે આવતા હતા. જ્યારે દર્સગાહની શોહરત વધારે વધવા લાગી તો ઈરાક, શામ અને હિજાઝ (સાઉદી અરબિયા) સુધીના વિદ્યાર્થીઓ તાલીમ પ્રાપ્ત કરવા માટે આવવા લાગ્યા.

આ મદ્રસામાં તાલીમ બિલ્કુલ મફત આપવામાં આવતી હતી તો પણ શૈક્ષણિક જરૂરિયાતોની વસ્તુઓ જેવી કે કલમ (પેન), ખડિયો, કાગળ, કિતાબો વગેરે પણ વિદ્યાર્થીઓને મફત વહેંચવામાં આવતી હતી. મુદર્રિસો વિદ્વાન જેવા હતા. મોટા-મોટા મદદગારો આ મદ્રસા માટે ભેટ મોકલતા હતા. જેના કારણે દર્સગાહમાં કોઈપણ સમયે કોઈપણ વસ્તુની કમી મેહસૂસ થઈ ન્હોતી. અને મદ્રસાના ફંડમાં દરેક સમયે એક મોટી રકમ જમા રહેતી હતી.

## દર્સે બાતિની

જાહિરી શિક્ષણની સાથે-સાથે આપ ફૈઝે બાતિનીથી પણ લોકોને ફાયદો પહોંચાડતા હતા. ઉલૂમે ઈલાહિયહ માટે એક અલગ ખાનકાહ હતી. જેમાં હિન્દોસ્તાનની સાથે-સાથે ચીન, તુર્કસ્તાન, મીસર, બગદાદ અને બીજા મુલ્કોના લોકો પણ, જે હકની શોધખોળમાં હતા, આપથી ફૈઝ મેળવતા હતા. આ દિવસોમાં આપનો એ હાલ હતો કે આપની આસપાસ દરેક સમયે તાલિબાને હક (હકને તલબ કરનાર) નો એક મજમો જામેલો રહેતો હતો. તેમાંથી જે કોઈને આપ એ કાબિલ સમજતા કે તે રાહે હક પર કાયમ રહેશે, અલ્લાહ અને રસૂલના પયગામને લોકો સુધી પહોંચાડી શકશે, તેને

ખિર-કએ ખિલાફત અતા કરતા અને બીજા સ્થળે મોકલી, તબલીગે હકની ઈજાઝત ફરમાવતા હતા. આવી રીતે આપનો સિલસિલો દૂર-દૂર સુધી ફેલાઈ ગયો. અને હિન્દોસ્તાનની સાથે-સાથે બીજા મુલ્કોમાં પણ આપના મુરીદ અને ખલીફાઓ આ કાર્યને સરઅંજામ દેવા માટે પોત-પોતાના વતનથી નીકળી પડ્યા.

અકીદતમંદોની ગણતરી જોવામાં આવે તો અંદાજો થશે કે હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહની ખાનકાહમાં મોટા-મોટા અવલિયા અલ્લાહે કયામ (રોકાણ) ફરમાવ્યો છે. દા.ત. હઝરત ખ્વાજાએ ખ્વાજગાન ખ્વાજા ગરીબ નવાઝ રહમતુલ્લાહ અલયહ, હઝરત ખ્વાજા કુત્બુદીન બખ્તિયાર કાકી રહમતુલ્લાહ અલયહ, હઝરત ખ્વાજા હમીદુદીન નાગોરી રહમતુલ્લાહ અલયહ વગરે બા કમાલ અવલિયા અલ્લાહ છે. જેમના વસીલાથી બારગાહે રબ્બુલ ઈઝઝતમાં દુઆ મકબૂલ થાય છે.

હઝરતની ખાનકાહની એક ખાસિયત એ પણ હતી કે, અહિંયાં રાહત અને આરામનો પૂરે-પૂરો ખ્યાલ રાખવામાં આવતો હતો. બીજી ખાનકાહોમાં તો રોઝા, નમાઝ અને રિયાઝતની તાલીમની સાથે-સાથે દુનિયાથી દૂર રહેવાનો સબક આપવામાં આવતો હતો. પરંતુ આ ખાનકાહ અન્ય ખાનકાહોથી કંઈક જુદી જ હતી. અહિંયાં રોઝા, નમાઝની પાબંદીની સાથે-સાથે દુનિયા મેળવવાની પણ ઈજાઝત હતી. જિંદગી આરામથી ગુજારવા અને રૂપિયા-પૈસા કમાવવા પર કોઈ રોક-ટોક ન હતી. ગુનાહથી બચવા

સખ્ત હિદાયત કરવામાં આવતી હતી. ઝિક્રે ઈલાહી અને ઇતાઅતે ઈલાહીથી ગફલત પણ ગુનાહની નજરથી જોવામાં આવતું હતું.

હઝરત શૈખની આરિફાના કૈફિયતનો એ હાલ હતો કે રાતના સમયે ઊભા થઈને બે રકઅતમાં પૂરા કલામે ઈલાહીની તિલાવત કરી લેતા હતા. ઈશાના વુઝૂથી નમાઝ પઢવા ઊભા થતા હતા તો ફજરની નમાઝ અદા કરીને જ બેસતા હતા. ઘણી વાર આપ તહજ્જુદની નમાઝ પછી તિલાવતે કલામુલ્લાહ શરૂ કરતા અને ફજરની નમાઝ સુધીમાં ખત્મ કરી દેતા હતા.

## શજર-એ-તરીકત

**'સાહિબે મિરઅતુલ અસરાર'** આપની શાનમાં ફરમાવે છે કે, 'વય રા વરી તરીક શાને અઝીમ વહાલે કવી બૂદ. દર રિયાઝાત વ મુજાહિદાત નદાશ્ત. વ દર કશ્ફ વ કરામાત મિયાને મશાઈખ કુબાર મુમતાઝ બૂદ.'

[**અર્થ** : તેમની શાન તસવ્વુફની રાહમાં અઝીમ હતી. અને રૂહાની ઈસ્તેકામત (સત્યના પંથે હોવું) અને ઈસ્તિહેકામ (મક્કમતા) નો હાલ એ હતો કે તે પોતે રિયાઝત અને નફસ સામેના જિહાદમાં બેમિસાલ હતા. અને પોતાના કશ્ફ અને કરામતોમાં, દુનિયાના જબરદસ્ત મશાઈખોમાં મુમતાઝ (અનન્ય) હતા.]

## આપનો શજર-એ-તરીકત આ પ્રમાણે છે.

હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહ

હઝરત શૈખ શહાબુદ્દીન સુહરવર્દી રહમતુલ્લાહ અલયહ

હઝરત શૈખ ઝિયાઉદ્દીન અબૂ નજીબ સુહરવર્દી રહમતુલ્લાહ અલયહ

હઝરત શૈખ વજીહુદ્દીન સુહરવર્દી રહમતુલ્લાહ અલયહ

હઝરત શૈખ અબૂ અબ્દુલ્લાહ રહમતુલ્લાહ અલયહ

હઝરત શૈખ મુમતાઝ અલી દીનવરી રહમતુલ્લાહ અલયહ

હઝરત ખ્વાજા જુનૈદ બગદાદી રહમતુલ્લાહ અલયહ

હઝરત ખ્વાજા સિર્રી સકતી રહમતુલ્લાહ અલયહ

હઝરત ખ્વાજા મઅરૂક કર્ખી રહમતુલ્લાહ અલયહ

હઝરત ખ્વાજા દાઊદ તાઈ રહમતુલ્લાહ અલયહ

હઝરત ખ્વાજા હબીબ અજમી રહમતુલ્લાહ અલયહ

હઝરત સૈયદ ઈમામ હસન રદિયલ્લાહો અન્હો

હઝરત મૌલાએ કાઇનાત અલી કર્રમલ્લાહો વજ-હહુલ કરીમ

હુઝૂર રહમતે આલમ, સરવરે કાઇનાત, ફખ્રે મૌજૂદાત, સરદારે કુલ અંબિયા વ મુરસલીન, અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ

આપના અગણિત મુરીદો અને ખલીફાઓમાંથી નીચે પ્રમાણેના હઝરાત ઘણાં જ મશહૂર અને મઅરૂફ છે.

(૧) હઝરત શૈખ સદરૂદ્દીન આરિફ રહમતુલ્લાહ અલયહ (જે આપના લાડકવાયા દીકરા છે. અને ખલીફએ આઝમ પણ છે.)

(૨) હઝરત સૈયદના જલાલુદ્દીન બુખારી રહમતુલ્લાહ અલયહ

(૩) હઝરત હસન અફગાન રહમતુલ્લાહ અલયહ (આપ હઝરત શૈખના મહબૂબ ખલીફા હતા.) (૪) હઝરત સૈયદ ઉસ્માન રહમતુલ્લાહ અલયહ (કદાચ શાહબાઝ કલંદર થી ઓળખાતા વલી છે.) (૫) હઝરત શૈખ અમીર હુસૈની રહમતુલ્લાહ અલયહ (૬) હઝરત શૈખ ફખરૂદ્દીન ઈરાકી રહમતુલ્લાહ અલયહ (૭) હઝરત ખ્વાજા કમાલુદ્દીન મસઊદ રહમતુલ્લાહ અલયહ (૮) હઝરત સૈયદ અબ્દુલ કુદ્દૂસ કલંદર મૂસલી રહમતુલ્લાહ અલયહ.

## ઝિક્ર-ફિક્ર

જાહેરી શાનો-શૌકત અને માલદાર હોવા છતાં આપ રાત્રે જાગતા હતા. હાલતે ઈસતિગરાક (ખુદાની યાદમાં ડૂબી જવું) અને બંદગીના આલમમાં કૈફિયત એ હતી કે કેટ-કેટલાય દિવસ સુધી ખાવા-પીવા અને કોઈથી વાત કરવાની નોબત આવતી ન હતી. આપ અલ્લાહની તજલ્લિયોને નિહાળવામાં દરેક ચીઝથી બેપરવા થઈ જતા હતા.

હઝરત નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહીથી મનકૂલ છે કે એક વખત આલમે તહય્યુરમાં એટલા બધા ખોવાઈ ગયા કે સાત દિવસ સુધી ખાવા-પીવાનો અને કોઈથી વાત કરવાનો હોશ ન રહ્યો. સાતેય દિવસ આપની નૂરાની આખોંથી આસું વહેતા હતા. જે ટીપાઓ પડતા હતા, મોતી બની જતા હતા. જ્યારે શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાનીને આ વાત જણાવવામાં આવી તો આપે ફરમાવ્યું કે "તે સમયે હક તઆલાની તજલ્લી અને અનવારમાં ડૂબેલો હતો.

તેના કમાલવાળા જમાલથી મારી આખોં ભીની થઈ હતી એટલા માટે જે આંસુ નીકળતા હતા તે મોતી બની જતા હતા !''

## ઝૌકે સમાઅ (કવ્વાલી)

આમ તો આપને સમાઅનો શોખ ન હતો. પરંતુ પોતાના પીર હઝરત શૈખુશ્શુયૂખની પૈરવીમાં કવ્વાલી સાંભળી લેતા હતા. કવ્વાલી સાંભળવાનું બયાન 'તારીખે અવલિયાએ મુલતાન'માં આ રીતે મળે છે કે એક મશહૂર અને મઅરૂફ કવ્વાલ જેનું નામ અબ્દુલ્લાહ રૂમી હતું, હઝરત શૈખની ખિદમતમાં હાજર થયો અને રજૂઆત કરી કે, ''હઝરત શૈખુશ્શુયૂખ શહાબુદીન ઉમર સોહરવર્દી રહમતુલ્લાહ અલયહે મારૂં કલામ શૌખથી સાંભળતા હતા. અને અકસર હું તેમની ખિદમતમાં હાજરી આપતો હતો.'' તો હઝરત શૈખે ફરમાવ્યું કે, ''જ્યારે મારા પીર તમારૂ ગાવાનું સાંભળે છે, તો ઝકરિયા પણ તેમની પૈરવી કરશે.'' તે માટે કવ્વાલને ઈશાની નમાઝ પછી ખાદિમની સાથે બોલાવ્યા. કવ્વાલી સાંભળવાથી પહેલાં બે સિપારા કલામુલ્લાહશરીફની તિલાવત ફરમાવી. પછી આપે કવ્વાલને હુકમ કર્યો કે તે કંઈક સંભળાવે. અને હુજરાના દરવાજાને સાંકળ લગાડવામાં આવી. કવ્વાલે કવ્વાલી શરૂ કરી, અને જ્યારે તેણે આ શેર પઢ્યો.

***મસ્તાં કે શરાબે નાબ ખૂરદન્દ***
***અઝ પહલૂએ ખૂદ કબાબ ખૂરદન્દ***

(**અર્થ** : મસ્ત રહેવાવાળા ખાલિસ શરાબ પીવે છે. અને પહેલૂ ને કબાબ કરીને ખાય છે.)

આ શેરનો આપ ઉપર એવો અસર થયો કે, આલમે વજદમાં ઊભા થઈ ગયા. ચિરાગ ઓલવી નાખ્યો. શેરની રટણે અજબ રંગ દેખાડ્યો. કવ્વાલનું કહેવું છે કે દામન સિવાય કોઈ ચીઝ નઝર આવતી ન હતી. થોડો સમય પછી હઝરત શૈખે દરવાજો ખોલ્યો. અને હુજરાની બહાર તશરીફ લઈ ગયા. કવ્વાલ ત્યાં જ રહ્યો. જ્યારે સવાર પડી તો કવ્વાલ માટે પોતાના ખાદિમના હાથમાં ૨૦ ચાંદીના સિક્કા ઈનામમાં અર્પણ કર્યા.

આપ હંમેશા ઝૌકો-શૌકથી દૂર અને મઅરેફતે ઈલાહીમાં રચ્યા-પચ્યા રહેતા હતા. એક સમયે આપને આલમે વજદમાં જોવામાં આવ્યા. હાલત એ હતી કે, એક હાથ એક તબકમાં અને બીજો હાથ બીજા તબકમાં અને પોતે, પોતાના દરવાજા પર ઊભા હતા અને આ શેરનું રટણ કરતા હતા.

***કર દી સ-ન-મા બર સરેમા બારે દિગર***
***મા હીચ ન કરદૈમ ખુદા મી દાનદ***

(**અર્થ** : અમારા મહબૂબે અમારા પર વારંવાર (પરીક્ષા સ્વરૂપે) મુશ્કેલીઓ નાખી છે પણ અમે તેને એક હરફ પણ ઉચ્ચાર્યા વગર સહી છે, જે ખુદા જાણે છે.)

હઝરત શૈખ અશઆરં (શેરો) ની કૈફિયતથી ઘણાં જ ખુશ થતા હતા. કહેવાય છે કે આપ ફખરૂદ્દીન ઈરાકીના કલામ બેહદ પસંદ કરતા હતા. તેમના અશઆરથી આપ પરં હંમેશા વજદ તારી થઈ જતો હતો. અને આપ ખુદાની યાદમાં તલ્લીન થઈ જતા હતા.

# હઝરત બાબા ફરીદુદ્દીન ગંજેશકરથી રિશ્તો

હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની અને હઝરત બાબા શૈખ ફરીદુદ્દીન ગંજેશકર રહમતુલ્લાહ અલયહ બંને રિશ્તામાં માસીના ભાઈઓ હતા અને આપસમાં ઘણો જ પ્રેમ રાખતા હતા. બંને હઝરાત કેટલાય વર્ષો સુધી ઘરમાં અને સફરમાં સાથે રહ્યા. એક બીજાની ઘણી જ ઈઝઝત કરતા હતા. તેમની સોહબતમાં રંજ-મલાલનો વહેમ પણ થઈ શકતો ન હતો.

એક વખત હઝરત બાબા ફરીદુદ્દીન ગંજેશકર રહમતુલ્લાહ અલયહેને કોઈએ હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલતાનીની તરફથી કોઈ સંદેશો આપ્યો. જે હઝરત શૈખના હાલ (સંજોગોનુસાર સ્વભાવ) પ્રમાણે ન હતો. તેની માફીમાં હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહને એક પત્ર લખ્યો અને તેમાં આ વાક્ય લખ્યું, **"મીયાને મા વ શુમા ઈશ્ક બાઝી અસ્ત"** (અર્થ: અમારા તમારા વચ્ચે ઈશ્કબાજી છે.) હઝરત બાબા ગંજેશકરે જવાબમાં લખ્યું કે, **"મિયાને મા વ શુમા ઈશ્ક અસ્ત બાઝી નીસ્ત"** (અર્થ : અમારા તમારા વચ્ચે ઈશ્ક છે બાઝી નથી.)

હઝરત શૈખ બાબા ફરીદુદ્દીન ગંજેશકર ફરમાવે છે કે, એક દિવસ દમિશ્કમાં ઓલમાએ કિરામની મજલિસ ગરમ હતી. એટલામાં હઝરત શૈખ ઝકરિયા મુલતાની તશરીફ લાવ્યા. મેં તાઝીમ કરી. આપ મારી પાસે બેસી ગયા. તે સમયે આપે ફરમાવ્યું કે, "ઈશ્ક એનું નામ છે કે હક તઆલાના સિવાય જન્નત-દોઝખ, સવાબ-અઝાબ, સગાં-કુટુંબીઓ વગેરે કોઈને ન જુએ." આ વાક્ય જીભથી

નીકળતાંજ આપ ઉપર બેહોશી તારી થઈ ગઈ અને એક મહિનો એવી રીતે પસાર થઈ ગયો. દુનિયામાં અને દુનિયવી ચીઝોની કંઈ જ ખબર ન રહી. મસ્તીના આલમમાં આ અશઆર જીભથી નીકળતા રહ્યા.

*આં કસ કે તુરા શનાખ્ત જાં રા ચે કુનદ*
*ફરઝન્દ વ અયાલ વ ખાનમાં રા ચે કુનદ*

(**અર્થ** : જે વ્યક્તિએ તને ઓળખી લીધો તેની નજરમાં જાનની શું હેસિયત છે. બાળકો અને રિશ્તેદારો અને કુટુંબીજનોની મુહબ્બત તેના માટે કોઈ અર્થ રાખતી નથી.)

*દીવાના કુની હર દો જહાનશ બખ્શી*
*દીવાનએ તૂ હર દો જહાં રા ચે કુનદ*

(**અર્થ** : તમે બંને જહાંનો આપીને મને દીવાનો બનાવી રહ્યા છો. જો કે આપનો દીવાનો હોય, તેની નજરમાં બંને જહાન શું હૈસિયત રાખે છે.)

હઝરત બાબા ફરીદુદ્દીન ગંજેશકર રહમતુલ્લાહ અલયહ ફરમાવે છે કે, "એક વખત મજલિસમાં ઝોહદો-તકવાની વાતચીત થઈ રહી હતી. મારા ભાઈ હઝરત બહાઉદ્દીન અને હું એક જ જગ્યાએ બેસેલા હતા. મારા ભાઈ બહાઉદ્દીને ફરમાવ્યું કે, ઝોહદ (તકવા) ત્રણ ચીજો પર ટકી રહે છે. જે કોઈમાં આ ત્રણ બાબત નથી, તે ઝાહિદ (મુત્તકી) કહેવડાવવાનો હકદાર નથી. (૧) દુનિયાને ઓળખવી અને તેનાથી પ્રભાવિત ન થવું (૨) ઔલાદની ખિદમત કરવી અને તેમના હકકો અદા કરવા. (૩) આખેરતની તલબ અને

તેને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરતા રહેવું અને અલ્લાહની રહમત પર ભરોસો રાખવો."

કહેવામાં આવે છે કે, બાબા ફરીદુદ્દીન ગંજેશકરે એક દિવસ આપથી પૂછયું કે, "આપ મુંજાહિદા અને રિયાઝતમાં ક્યાં સુધી પહોંચ્યા છો ?" આપે જવાબ આપ્યો કે, "મારી પહોંચ એટલે સુધી છે કે, આ ખુરશીઓ કે જેના ઉપર હું અને તમે બેસેલા છો. અગર હું કહું તો અત્યારે જ ઉડવા માંડે." આ વાત જીભથી નીકળી જ હતી કે બંને ખુરશીઓ જમીનથી ઊંચી ઉડવા લાગી. હઝરતે ખુરશી પર હાથ રાખ્યો અને ફરમાવ્યું કે, "આ તો વાતચીત કરીએ છીએ, હુકમ આપ્યો નથી. તમે પોતાની જગ્યાએ પાછી ફરો."

રિવાયત છે કે, હઝરત બાબા સાહેબ અને હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહ એક જગ્યાએ બેસેલા હતા. સુલૂકો મઅરેફત (ખુદાની ઓળખ) ની ચર્ચા થઈ રહી હતી. એકાએક આપ ઊભા થઈ ગયા. રડવા લાગ્યા અને ફરમાવ્યું, **"ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજેઉન."** (અર્થ : અમે અલ્લાહના માટે જ છીએ અને અમારે તેની તરફ જ પાછું જવાનું છે.) હઝરત બાબા સાહેબે ફરમાવ્યું : "શું હાલ છે ?" હઝરત શૈખુલ ઈસ્લામે ફરમાવ્યું, "ઊભા થઈને જુઓ ?" હઝરત બાબા સાહેબે રહમતુલ્લાહ અલયહ ઉભા થઈને જોયું તો એ નજર આવ્યું કે, હઝરત સઅદુદ્દીન હમૂયહ રહમતુલ્લાહ અલયહનો જનાઝો આવે છે અને બગદાદની મસ્જિદની સામે જનાઝાની નમાઝ પઢવામાં આવી રહી છે. પછી ખબર આવી કે તે જ દિવસે હઝરત સઅદુદ્દીન હમૂયહ રહમતુલ્લાહ અલયહનો ઈન્તેકાલ થયો હતો.

## અવલાદ

હઝરત શૈખ બહાઉદ્દીન મુલતાની રહમતુલ્લાહ અલયહના લગ્ન વિશે કોઈએ પણ લખ્યું નથી અને તે પણ ખબર નથી કે આપના લગ્ન કેટલી વયમાં થયા હતા. જો કે કેટલાક ઈતિહાસકારોએ એટલું લખ્યું છે કે, આપના સાત છોકરા હતા. જેમના નામ **"અઝકારે અબરાર"** અને **"તારીખે જીલ્લા મુલતાન"** માં લખ્યાં છે.

સૌથી મોટા સાહબઝાદાનું નામ હઝરત શૈખ સદરૂદીન આરિફ રહમતુલ્લાહ અલયહ છે. જે પોતાના વાલિદના વિસાલ (અવસાન) પછી મસ્નદ ખિલાફત (ગાદી) પર બેસ્યા અને તેમને શૈખુલ ઈસ્લામ પણ બનાવવામાં આવ્યા. બીજા સાહબઝાદા હઝરત શૈખ કુતુબુદ્દીન હતા. ત્રીજા શૈખ શમ્સુદીન મુહમ્મદ, ચૌથા શૈખ શહાબુદીન, પાંચમાં શૈખ અલાઉદીન યાહ્યા, છઠ્ઠા શૈખ બુરહાનુદીન અહમદ અને સાતમા સાહબઝાદા શૈખ ઝિયાઉદ્દીન હામિદ હતા. અને સાતેય ઈલ્મો અમલના પૈકર હતા.

રિવાયત છે કે, જ્યારે હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહનો વિસાલ થયો તો શરીઅત મુજબ બાપની મિલ્કતની વહેંચણી કરવામાં આવી. હઝરત શૈખ સદરૂદીન આરિફ રહમતુલ્લાહ અલયહના ભાગમાં ૭૦,૦૦૦૦૦ (સિત્તેર લાખ) ચાંદીના સિક્કા આવ્યા. પરંતુ હઝરત આરિફ રહમતુલ્લાહ અલયહે પોતાના ભાગનો બધો જ માલ ગરીબો અને મિસ્કીનોમાં વહેંચી દીધો. જ્યારે આપને પૂછવામાં આવ્યું કે, આપના વાલિદ સાહબ પાસે ઘણી જ દૌલત હતી. તો પણ તે ધીમે-ધીમે ખર્ચ કરતા

હતા. તો હઝરત શૈખ સદરૂદ્દીન આરિફ રહમતુલ્લાહ અલયહે જવાબ આપ્યો કે, મારા વાલિદ બુઝુર્ગવાર હંમેશા દુનિયા પર ગાલિબ હતા માટે માલ-દૌલતે તેમને કોઈ પ્રકારનું નુકસાન પહોંચાડ્યું નથી. હું પણ ખુદાના ફઝલથી દુનિયા પર ગાલિબ છું. પરંતુ મને એ ડર છે કે, કોઈ સમયે આ દુનિયા મારા પર ગાલિબ ન થઈ જાએ. આ વિચારના કારણે મેં મારા ભાગની માલ-દૌલત ખુદાની રાહમાં ખૈરાત કરીને પોતાના દિલને મુતમઈન (સુકૂનવાળું) અને પાક કરી લીધું છે. હવે કોઈ વાતનો ખતરો નથી.

હઝરત શૈખ સદરૂદ્દીન આરિફ રહમતુલ્લાહ અલયહ ફરમાવે છે કે, જ્યારે હું કલામે ઈલાહી પઢું છું તો દર વખતે તેના અલગ જ અર્થ જાહેર થાય છે. જે અર્થ પહેલાં જાહેર થઈ ગયા છે તેનાથી અલગ જ જાહેર થાય છે.

તે માટે તેમણે પોતાના વાલિદે મુહતરમથી રજા માંગી કે તેઓ તમામ અર્થ લખે, જે તેમના ઉપર જાહેર થાય છે. પરંતુ હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહએ મનાઈ ફરમાવી અને ઈરશાદ ફરમાવ્યો કે, "કલામે ઈલાહીના તે અસ્રારે ઈલાહી (દિવ્ય રહસ્યો) ને કોણ સમજશે ? લોકો તમને બદનામ કરશે. તે માટે આ ઈચ્છાથી દૂર રહો." એટલા જ માટે આપના નામ સદરૂદ્દીન સાથે આરિફ પણ કહેવામાં આવે છે.

## હિલ્મ બુર્દબારી (સહન શક્તિ)

હઝરત શૈખ ઝકરિયા મુલતાનીના ગુણોમાં એક ગુણ છે કે ક્રોધ પર કાબૂ ઘણો જ હતો. એક દિવસ ખાનકાહમાં મૌજૂદ હતાં કે

ફકીરી પોષાક વાળી કલંદરોની એક જમાઅત આવી પહોંચી. અને આપથી માલી (રોકડ) મદદની રજૂઆત કરી. હઝરત શૈખે તે જમાઅતને મદદની મંજૂરી ન આપી. કલંદરોએ ગુસ્તાખીથી વાત-ચીત શરૂ કરી. અને જ્યારે તેમનાથી કંઈ થઈ શક્યું નહી તો ઈંટ અને પથ્થરો મારવા લાગ્યા. હઝરત શૈખે ખાદિમને હુકમ આપ્યો કે તે ખાનકાહનો દરવાજો બંધ કરી દે. જ્યારે દરવાજો બંધ કરી દીધો તો કલંદરોએ દરવાજા પર પથ્થરો મારવા શરૂ કરી દીધા. આપે થોડાક સમય પછી ખાદિમને ફરી હુકમ આપ્યો કે, દરવાજો ખોલી નાખો. ખાદિમે દરવાજો ખોલી નાખ્યો. પછી હઝરતે ફરમાવ્યું કે, "હું આ જગ્યાએ હઝરત શૈખ શહાબુદ્દીન સુહરવર્દીનો બેસાડેલો છું." કલંદરો આ વાત સાંભળીને ઘણીજ શરમ અનુભવવા લાગ્યા, પોતાની ભૂલની માફી માંગી અને રવાના થયા.

સન્માનમાં આપ પોતાની તઅઝીમ અને તકરીમને પણ પસંદ કરતા ન હતા. એક વખત ખાનકાહમાં કેટલાક લોકો, હોજના કિનારે વુઝૂ કરી રહ્યા હતા. હઝરત શૈખ ત્યાંથી પસાર થયા. જેવાજ આપને મુરીદોએ જોયાં વુઝૂ પુરૂ બનાવ્યા વિના ઊભા થઈ ગયા અને સલામ તથા નિયાઝ રજૂ કરવા લાગ્યા. આ બનાવ દરમિયાન એક મુરીદ પોતાના વુઝૂને સંપૂર્ણ બનાવીને હઝરતની ખિદમતમાં ઉપસ્થિત થયો. તો આપે તે મુરીદને અન્ય મુરીદો પર શ્રેષ્ઠતા આપી.

પોતે હઝરત શૈખ પણ, બીજાઓની તઅઝીમ અને તકરીમ શરીઅત તથા સુલૂકની હદોમાં રહીને કરતા હતા. જ્યારે હઝરત ખ્વાજા બખ્તિયાર કાકી રહમતુલ્લાહ અલયહે હિન્દોસ્તાન પધાર્યા.

(હાલના પાકિસ્તાનમાં) તો મુલતાનમાં હઝરત શૈખની પાસે રોકાયા. હઝરત તેમનાથી મુહબ્બત-પ્રેમ અને અત્યંત તઅઝીમથી મળ્યા અને અપીલ કરીને કેટલાક દિવસ રોકાવા કહ્યું. હઝરત ખ્વાજા બખ્તિયાર કાકીએ કબૂલ કર્યુ અને રોકાઈ ગયા.

હઝરત ખ્વાજા બખ્તિયાર કાકી પણ આપની અત્યંત ઈઝઝત કરતા હતા. એ જ કારણ છે કે, જ્યારે હઝરત ખ્વાજાના શ્રદ્ધાળુઓએ તેમને મુલતાનમાં સતત રોકાણની દા'વત આપી તો, હઝરત ખ્વાજા બખ્તિયાર કાકીએ ફરમાવ્યું કે, "મુલતાનની સર ઝમીન ઉપર શૈખુલ ઈસ્લામ બહાઉદ્દીન ઝકરિયા મુલતાનીની વિલાયતનો કબ્જો છે. અને તેમનો સાયો (છત્રછાયા) પૂરતો છે. તેમની હિમાયત (તરફદારી) તમારી સાથે રહેશે."

## હઝરત શૈખની સખાવત (દાન)

આપની સખાવતની અનેક મિષાલો મળે છે. હદ્દ તો એ છે કે, જે ભેટ-સૌગાત આપની ખિદમતમાં આવતા, આપ તેને પણ અલ્લાહની રાહમાં ખૈરાત કરી દેતા હતા. એક વખતની ઘટના છે કે, આપના કેટલાક શ્રદ્ધાળુ અને મુરીદ જહાઝમાં મુસાફરી કરી રહ્યા હતા. અચાનક જહાઝ પાણીના ચક્ર વાતમાં ફસાઈ ગયું. મુરીદો અને શ્રદ્ધાળુઓએ અત્યંત ભરોસાની સાથે હઝરત શૈખ ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહથી રૂહાની મદદ માંગી. અલ્લાહ તઆલાએ પોતાનો કરમ કર્યો અને તે જહાઝ ચક્રાવાતના તોફાનમાંથી ઉગરી ગયું. તે જહાઝ ઉપર મોતી અને જવાહેરાતના મોટા મોટા વેપારીઓ સફર કરી રહ્યા હતા. તે વેપારીઓએ શ્રદ્ધાને જાહેર કરતા

પોતાના માલનો ત્રીજો ભાગ શૈખની ખિદમતમાં રજૂ કરવાનું નક્કી કરી લીધું. તે માટે વેપારીઓની તરફથી એક બુઝુર્ગ હઝરત ખ્વાજા ફખરૂદ્દીન ગીલાની (જીલાની) રોકડ તથા જવાહેરાત લઈને હઝરત શૈખની ખિદમતમાં ઉપસ્થિત થયા. હઝરત શૈખે તે તોહફાને સ્વીકારી તો લીધો પરંતુ ત્રણ દિવસની અંદર-અંદર તમામ માલ જરૂરિયાતવાળાઓ અને ગરીબોમાં વહેંચી દીધો.

હઝરત ખ્વાજા ફખરુદ્દીન ગીલાની આ ઘટનાથી એટલા બધા પ્રભાવિત થયા કે, તેમણે પણ પોતાની બધી જ માલ-મિલ્કત ફકીરો, ગરીબોમાં વહેંચી દીધી અને ફકીરી ધારણ કરીને પાંચ વર્ષ સુધી હઝરત શૈખ ઝકરિયા મુલતાનીની સેવામાં ઉપસ્થિત રહ્યા. પાંચ વર્ષ પછી હજ્જે બયતુલ્લાહની રજા માંગી. પરંતુ જિદ્દા સુધી જ પહોંચ્યાં હતાં ને આપનો ઈન્તેકાલ થઈ ગયો. ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઊન.

## ફૈઝ તથા બરકાત

હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહના રૂહાની ફૈઝો-બરકાત ફક્ત મુલતાન સુધી જ સિમિત ન હતાં, બલ્કે તમામ હિન્દોસ્તાનમાં જારી અને સારી હતા. નસીહત અને હિદાયત આમ તથા ખાસ બંને માટે હતી. બંનેને પોતાની રૂહાની કમાલોની ફૈઝ પહોંચાડવાની કોશિશ કરતા. રમૂઝે મઅરેફતનું શિક્ષણ આપતા હતા. ખુદાની મખલૂકની સેવા માટે શાહી હાકેમોથી સંબંધ રાખતા હતા અને હાકિમોને અલ્લાહ તઆલાના હુકમોની રોશનીમાં હક તથા ઈન્સાફની હિદાયતો આપતા હતા.

## રહેણી-કેહણી

હઝરતની રહેણી-કહણી મોટા ઠાઠ-બાઠની હતી. જે અલ્લાહના વલીઓ તેમની મુલાકાત માટે આવતા, તેમને પણ એ જ અંદાઝથી રાખતા હતા. આપના રસોડામાં જાત-જાતની વાનગીઓ બનાવવામાં આવતી હતી. પણ શૈખ રહમતુલ્લાહ અલયહને તે શ્રેષ્ઠ પકવાનોમાં તે જ સમયે લિઝઝત મળતી હતી, જ્યારે તે મહેમાનો, મુસાફિરો અને દુરવેશોની સાથે મળીને જમતા. જે શખ્સને જોતા કે તે જમવાનું અત્યંત દિલથી જમી રહ્યો છે. તે માણસને આપ ઘણો જ પસંદ કરતા હતા. એક વખતે હઝરત શૈખના દસ્તરખ્વાન પર ફકીરોની એક ઘણી જ મોટી જમાઅત ઉપસ્થિત હતી. પકવાન સામે આવ્યા. ઘણા જ ફકીરોએ વાનગીઓ જમવાની શરૂ કરી તો હઝરત શૈખે પણ દરેક ફકીરની સાથે એક-એક કોળિયો ખાધો. એક ફકીરને જોયો કે, તે રોટી રસામાં ચોળીને જમી રહ્યો છે. ફરમાવ્યું, "સુબ્હાનલ્લાહ ! આ બધાજ ફકીરોમાં આ ફકીર જમવાનું જાણે છે. કેમકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું છે કે, 'નાનેતર' (ભીની રોટી) ને બીજી વાનગીઓ પર તે જ શ્રેષ્ઠતા છે જે શ્રેષ્ઠતા મને તમામ અંબિયા પર છે અને આઇશા રદિયલ્લાહો અન્હાને તમામ દુનિયાની સ્ત્રીઓ ઉપર છે."

એકવાર મુલતાનમાં સખ્ત દુષ્કાળ પડ્યો. લોકો ફાકા પર ફાકા કરવા લાગ્યા. તો હઝરત શૈખે પોતાના રસોડામાંથી મોટી માત્રામાં અનાજ મુલતાનના હાકેમની પાસે મોકલી આપ્યું.

જ્યારે અનાજ મુલતાનના હાકેમની પાસે પહોંચ્યું તો તેમાં

ચાંદીના સિક્કાથી ભરેલા સાત કૂંજા પણ નિકળ્યા. મુલતાનના હાકેમે હઝરત શૈખને જાણ કરી તો આપે ફરમાવ્યું કે, અમને પહેલાથી જાણ હતી માટે અમે અનાજ તમને ભેટ આપી દીધું છે. એટલા માટે અનાજની સાથે જે કંઈ પણ છે તે પણ તમારૂં જ છે.

## 'રઈસુલ અવલિયા'નો લકબ

હઝરત આમ તો દોલતની કોઈ પરવા કરતા ન હતા. તેમ છતા પણ હઝરતની પાસે દોલતની કોઈ પણ સમયે કમી થઈ નથી. એક વખતે એક ખાદિમને હુકમ આપ્યો કે, "જાઓ જે પેટીમાં પાંચ હજાર દીનાર રાખેલા છે, તેને ઉપાડી લાઓ" ખાદિમ પેટીને શોધવા બતાવેલા ઓરડા (રૂમ)માં ગયો. એને પેટી મળી નહીં. પરત ફરીને હઝરતને પેટી ન મળવાની ખબર આપી. તો આપે કંઈક વિચારીને પછી કહ્યું **'અલ હમ્દુ લિલ્લાહ'** થોડી વાર પછી, ખાદિમ આપના હુકમથી ફરી અંદર ગયો અને પરત ફરીને પેટી મળવાની ખબર આપી હઝરત શૈખે ફરી ફરમાવ્યું **"અલ હમ્દુ લિલ્લાહ"** અને ચુપ થઈ ગયા. હાજરજનોએ અર્જ કરી કે, "આપે પેટી ગુમ થવા પર પણ **"અલ હમ્દુ લિલ્લાહ"** કહ્યું અને જ્યારે પેટી મળવાની ખબર મળી ત્યારે પણ **"અલ હમ્દુ લિલ્લાહ"** ફરમાવ્યું. આમા શું હિકમત હતી ?"

હઝરતે ઈરશાદ ફરમાવ્યો કે, "ફકીરના માટે દુનિયાનો વજૂદ હોય કે ન હોય બન્ને બરાબર છે. ફકીરને કોઈ વસ્તુ આવવા પર ન ખુશી થાય છે. અને ન તો તેના જવા પર ગમ થાય છે." પછી તે પાંચ હજાર દીનાર જરૂરિયાત વાળાઓને વહેંચીને અલ્લાહનો

આભાર અદા કર્યો. આપની પાસે અગણિત દૌલત હતી. લાખો રૂપિયા આવતા અને દરરોજ ગરીબો અને મિસ્કીનોમાં વહેંચી દેવામાં આવતા હતા. અથવા દીની દર્સગાહો (ધાર્મિક શિક્ષણ કેન્દ્રો) પર ખર્ચી દેવામાં આવતા હતા. આપે પોતાના રહેવા માટે શાનદાર મહેલ બનાવ્યો હતો. જેમાં ઝર-બ-તફ (સોના તથા ચાંદીના તારો) અને સુતરથી બનેલા કાપડના પડદા પડ્યા રહેતા હતા. શ્રેષ્ઠ ગાલીચા અને મખમ્રલના તકિયા મહેલની ઝીનત (શોભા) હતી. આપનો ઓરડો (રૂમ) સર્વ શ્રેષ્ઠ ચીજોથી સજાવેલો હતો. કપડા અત્યંત કિંમતી અને ખૂબ સજાવેલા પહેરતા હતા. અત્યંત ખર્ચાળ અને અમીરો જેવી જીંદગી જીવતા હતા. અને ખૂબ સજાવેલી તથા ઘી ની વાનગીઓ ખાતા હતા. આ બધું જ કેવળ પોતાના માટે જ નહીં બલ્કે પોતાના સાથે રેહતા તમામ દુરવેશોને પણ આવા જ કપડાં પહેરાવતા હતા. અને જાત-જાતના પકવાન ખવડાવતા હતા. **'સિલ-સિલતુઝ ઝહબ'** (અર્થ : સોનાની સાંકળ) નાં સંપાદક શૈખ મુહમ્મદ નૂર બખ્શે લખ્યું છે કે, હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની કુદ્દસ સિર્રહુ હિન્દોસ્તાનના **'રઈસુલ અવલિયા'** હતા. ઉલૂમે ઝાહેરી ના આલિમ અને મકાશિફાત તથા મુશાહિદાતમાં સંપૂર્ણ હતા. તેમનાથી કેટલાય અવલિયા અલ્લાહના સિલસિલાને નિસ્બત થઈ છે. લોકોને રૂશ્દો-હિદાયત ફરમાવી તેમને કુફ્રથી ઈમાનની તરફ, મઅસિયત (ગુનાહ) થી તાઅત (ફરમાં બરદારી) ની તરફ અને નફસાનિયાત થી રૂહાનિયાતની તરફ લાવ્યા. તેમની શાન ઊંચી હતી.

## હઝરત શૈખની દોલત પ્રત્યે બેપરવાઈ

આપના જૂદો-સખાનો દરવાજો દરેક સમયે ખુલ્લો રહેતો હતો. તો પણ આપ આભાર માનનારા દોલતમંદોમાંથી હતા. રબ્બે અકબરનો એ કોલ જે હઝરત ખલીલુલ્લાહ અલયહિસ્સલામની શાન માં છે. **'વ આતય નાહુ ફિદ દુન્યા હસ નતંવ વ ઈન્નહુ ફિલ આખિ-રતિ લમિનસ સાલિહીન'** (અર્થ : અમે દુન્યામાં તેને અચ્છાઈ આપી અને આખેરતમાં પણ તે સાલેહ (શ્રેષ્ઠ) લોકોમાં હશે.) આપ ઉપર લાગુ પડે છે. આપના ત્યાં ખેતી મોટા પ્રમાણમાં થતી હતી. આપને વેપારથી પણ લગાવ હતો. ઘણા જ નોકર-ચાકર, કારીગર-મજૂર તે કામને કર્યા કરતા હતા. પરંતુ બધી જ આવક, ઘર ખર્ચ, ગરીબો મિસ્કીનોની ખબરગીરી અને જાહેર જનતાના હિતના કાર્યોમાં ખર્ચ થઈ જતી હતી. અને એવા જ કાર્યો માટે ખાસ રાખવામાં આવતી હતી. એક લંગરખાનું હતું જ્યાં અમીર-ગરીબ મોટા મરતબાવાળા મહેમાનો તથા મુસાફિરો દરરોજ ખાવાનું જમતા હતાં. તેમ છતાં પણ આપની પાસે કદી દોલતની કોઈ કમી (અછત) મહેસૂસ થઈ ન હતી.

## તાતારિયો થી છૂટકારો

એક વખત એક દુરવેશે આપને દોલત વિશે પૂછયું તો આપે ઈરશાદ ફરમાવ્યો કે "માલ કેટલોય કેમ ન હોય ? તો પણ તે અત્યંત ઓછો છે." **'કુલ મતાઉદુન્યા કલીલુન'** (અર્થ : કહી દો તેમનાથી કે દુનિયાની પૂંજી ઘણી જ ઓછી છે.) ફરી ફરમાવ્યું કે, "સાપની સોહબત તે શખ્સને તકલીફ પહોંચાડે છે જે તેના ડંખ કે ઝેરથી

બચવાની રીત ન જાણતો હોય. મારા નજીક દુનિયાના માલની કોઈ હકીકત નથી. આ તો મારા ગાલ ઉપરના તીલ સમાન છે.'' માટે રિવાયતમાં આવે છે કે, જ્યારે તાતારી હિન્દોસ્તાનની તરફ આગળ વધ્યા અને વધતા વધતા મુલતાનના કિલ્લા તરફ પહોંચ્યા તો લૂટમાર અને કત્લો ગારતગીરી શરૂ કરી દીધી, હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહ એ મુલતાનવાસીઓને કત્લો ગારત (ખૂન ખરાબા) થી બચાવવા માટે પોતાના ખઝાનામાંથી એક લાખ દીનાર તાતારિયોને ભેટ આપ્યા. તેથી તેમણે હિંસા કરી નહીં. આવી રીતે મુલતાનને તાતારિયોના જુલ્મથી છૂટકારો અપાવ્યો. પરંતુ આપને દોલતના જવાનો કોઈ એહસાસ પણ ન થયો.

## હઝરત શૈખની સાદગી

ઘણી જ વધારે દોલત અને હશમત હોવા છતાં આપ વ્યક્તિગત રીતે સાદગી અને થોડામાં રાજી રહેવાનું પસંદ કરતા હતા. આપની ખોરાક થોડી પણ શક્તિ દાયક હતી, એટલા માટે કે, ઈબાદત તથા રિયાઝતમાં શરીરની શક્તિ કાયમ રહે અને અલ્લાહની ઈબાદતમાં કોઈ પ્રકારની કમી થાય નહીં !

આલિમો તથા મશાઈખોની મહેમાનદારીમાં આપ પોતે જાતે ધ્યાન રાખતા હતા. કોઈ દુરવેશ આપના ત્યાં મહેમાન આવતો તો આપ ધ્યાન આપવા માટે પોતે તશરીફ લઈ જતા હતાં. અને દસ્તરખ્વાન પર સગવડ કરતા. જે દિવસે આપના દસ્તરખ્વાન પર મહેમાન વધારે જોતા તે દિવસે આપ વધારે ખુશ નજર આવતા હતા.

રમઝાનશરીફના રોઝા આપ હંમેશા પાબંદીથી રાખતા હતા.

અને ખાસ સગવડ પણ કરતા હતા. તેના સિવાય ઈબાદત તથા રિયાઝત પર વધારે જોર આપતા હતા પોતાના મુરીદો અને શ્રદ્ધાળુઓને ઈબાદતની તરફ ધ્યાન આપવા માટે હંમેશા કહેતા રહેતા હતા. આપની ઈબાદત અને રિયાઝત કમાલના દરજ્જા (સ્થાન) પર હતી.

## કશ્ફ

**'ફવાઈદુલ ફુવાદ'** માં લખ્યું છે કે, આપ મૌલાના કુત્બુદ્દીન કાશાની રહમતુલ્લાહ અલયહની ઈકતિદામાં નમાઝ પઢતા હતા. મૌલાનાની ગણના તે સમયના મોટા આલિમોમાં થતી હતી. તે શરીઅતના સખ્ત પાબંદ હતા. નાસિરુદ્દીન કબાચાના સમયમાં તેમના માટે એક મસ્જિદ અને એક મદ્રસો બનાવવામાં આવ્યો હતો. તે તેમાં જ નમાઝ પઢ્યા કરતા હતા અને દીનના શિક્ષણની તાલીમ પણ આપ્યા કરતા હતા.

એક દિવસે મૌલાનાએ હઝરત શૈખથી પૂછયું કે, "આપ આટલા દૂરથી આવીને મારી ઈક્તિદામાં નમાઝ પઢો છો. આપને ઘણી જ તકલીફ થતી હશે. છેવટે તમે આ તકલીફ કેમ વેઠો છો?" આપે જવાબ આપ્યો કે, "હદીષ શરીફમાં છે, **"મન સલ્લા ખલ્ફ આલિમીન તકિય્યિન કઅન્નામા સલ્લા ખલ્ફ નબીયિન મુરસલિન."** (અર્થ : જેણે એક મુત્તકી આલિમની પાછળ નમાઝ પઢી, તેણે જેવું કે મોકલેલા રસૂલની પાછળ નમાઝ પઢી.) હું આના ઉપર અમલ કરૂં છું."

બનવા કાળે એક દિવસ આપ મોડાથી ફજરની નમાઝમાં જોડાયા. પહેલી રકઅત થઈ ગઈ હતી. આપને બીજી રકઅત મળી. મૌલાના એ બીજી રકઅત પછી, કાનૂન પ્રમાણે તશહહુદ (અત્તહિયાત) પઢી તો, આપ પ્રથમ સલામ ફેરવવાથી પહેલા ઊભા થઈને પોતાની નમાઝને પૂરી કરવા લાગ્યા. નમાઝ પૂરી થયા પછી મૌલાનાએ હઝરત શૈખથી પૂછયું કે, "હઝરત ! આપ સલામથી પહેલા કેમ ઊભા થઈ ગયા હતા ? અગર ખુદા ન કરે ને ઈમામથી સહવ (ભૂલ) થઈ ગઈ હોત અને તે સજદએ સહવ કરતો તો આપ તે સજદામાં કેવી રીતે શરીક થઈ શક્યા હોત ?" આપે જવાબ આપ્યો કે, "જે શખ્સને નૂરે બાતિન વડે એ જાણ થઈ જાએ કે, ઈમામને સહવ નથી થઈ તો તેને ઊભા થઈને નમાઝ પૂરી કરવામાં કઈ વાત આડે આવે છે ?!" મૌલાના એ જરાક નારાઝગીરીથી કહ્યું કે, "જે નૂરે એહકામે શરીઅતમાં પાબંદીને માનનારો ન હોય તે અંધકારથી પણ બદતર છે." આપે આ વાક્ય સાંભળ્યું અને ચૂપ થઈ ગયા અને ફરી ક્યારેય મૌલાનાની ઈકતેદામાં નમાઝ પઢવા ગયા નહિ. આ બનાવે મૌલાનાના દિલમાં એક ખટક પૈદા કરી દીધી. મૌલાનાની બેઠકમાં એક એવા બુઝુર્ગ પણ હતા. જે અવલિયા અલ્લાહની ઘણી જ ઈઝઝત કરતા હતા. તેમણે મૌલાનાથી કહ્યું કે, "તમે ફકીરોની ઈઝઝત કરતા નથી. આ વાત કંઈ સારી નથી."

મૌલાનાએ જરા બે પરવા થઈને જવાબ આપ્યો કે, "જનાબ ! મેં મારી ઉંમરમાં ફક્ત એક જ ફકીર જોયો. જેનો હું દિલથી શ્રદ્ધાળું છું. તે અલ્લાહવાળો કારગરમાં હતો. જે સમયે હું કારગરમાં હતો

મારા ચાકૂનો હાથો ટૂટી ગયો હતો. હું જગ્યા-જગ્યાએ તેને લઈને ફર્યો એટલા માટે કે તેના જેવો હાથો મારા ચાકૂમાં બનાવીને નાખી દે. પરંતુ બધાએ મજબૂરી દર્શાવી. છેવટે હું એક બુઝુર્ગ સૂરત લુહારની ખિદમતમાં હાજર થયો. તેમનાથી મારા ચાકૂના હાથાની વાત કરી અને કહ્યું, હું ચાહું છું કે, આ હાથો એવો જ જોઈએ જેવો પહેલા હતો. તે બુઝુર્ગે તે ચાકૂ મારા પાસેથી લઈ લીધું. પોતાના મુખના નજીક લઈને કંઈક પઢ્યું અને તેના ઉપર ફૂંક મારી દીધી. મેં જોયું કે તે હાથો તેવો જ હતો જેવો કે પહેલા હતો. જરા પણ તફાવત ન હતો. હું તે જ દિવસે તેમની બુઝુર્ગીને માનનારો થઈ ગયો.''

મૌલાનાના આ બનાવને સાંભળ્યા પછી તે બુઝુર્ગે ફરમાવ્યું, ''મૌલાના ! તમને જાણ છે કે, તે બુઝુર્ગ કોણ છે ? તે હઝરત નજમુદ્દીન યૂસુફ લુહાર હતા. જે હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહના મુરીદ હતા.'' મૌલાના આ વાત સાંભળીને ઘણા જ શરમ અનુભવવા લાગ્યા અને હઝરત શૈખની ખિદમતમાં ઉપસ્થિત થઈને કદમબોસી કરી અને પોતાની પાછલી વાત-ચીતની માફી માંગી. હઝરત શૈખે મૌલાનાને માફ કરી દીધા અને શૈખની પરવાનગીથી ખિદમતમાં રહેવા લાગ્યા. કેટલાક સમય પછી મૌલાના કુત્બુદ્દીન કાશાની દિલ્હી ચાલ્યા ગયા અને ત્યાં જ વફાત પામ્યા.

## ઈબાદત તથા રિયાઝત

હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાનીને કલામુલ્લાહની તિલાવતથી ઘણો જ લગાવ હતો. એક વખતે મજલિસમાં બેસેલા ખલીફાઓથી વાતચીતમાં પરોવાએલા હતા કે એકાએક આપે તમામ

મુરીદો અને ખલીફાઓને સંબોધીને ફરમાવ્યું, "તમારામાંથી કોઈ એવું પણ છે જે બે રકઅતમાં પૂરૂં કલામુલ્લાહ ખત્મ કરી દે ?" હાજરજનોમાંથી કોઈએ આ વાત પર હા કરી નહીં, તો ખૂદ જ નમાઝ માટે ઊભા થઈ ગયા અને બે રકઅત નમાઝની નિય્યત કરી. પહેલી રકઅતમાં એક કલામુલ્લાહ શરીફ ખત્મ કર્યુ અને ચાર પારા વધુ તિલાવત કર્યા. બીજી રકઅતમાં સૂરએ ઈખલાસ પઢીને નમાઝ ખત્મ કરી દીધી.

આપનો હંમેશાનો તરીકો હતો કે, એક કલામે પાક રાતમાં ખત્મ ફરમાવ્યા કરતા હતા. ઘણીવાર જોવામાં આવતું કે, રાતના વુઝૂથી સવારની નમાઝ અદા કરતા હતા. આપની ઉંમર ઓછી હતી તે સમય વિશે પ્રખ્યાત છે કે, આપે વીસ વર્ષ સુધી સતત રોઝા રાખ્યા. ફક્ત પાણી અને થોડી રોટીથી ઈફતાર કરતા હતા. આપ ઘણીવાર ફરમાવતા, "બંદા પર વાજિબ છે કે, અલ્લાહ તઆલાની ઈબાદત સિદ્દક તથા ઈખલાસની સાથે કરે અને તે એવી રીતે હોય કે અલ્લાહની ઈબાદત તથા ઝિક્રમાં ગૈરનો ખયાલ ન હોય. અલ્લાહના તસવ્વુર સિવાય દરેક તસવ્વુરથી વિચાર અને દિલને પાક કરે અને એ તે સમય ઠીક થશે જ્યારે આદમી પોતાના હાલ ઠીક કરી લે અને કહેવામાં તથા કરવામાં પોતાના નફસનો હિસાબ કરે. જબાનથી જરૂરત વિના વાત ન કરે અને ન તો કોઈ ધ્યેય વિના કામ કરે. દરેક કાર્ય કહેવા તથા કરવાથી પહેલા અલ્લાહના સમીપ, આજિઝી અને ઇન્કેસારી કરે. અલ્લાહથી સારા કાર્ય માટે તૌફીક માંગે અને અલ્લાહની મદદનો તાલિબ થાય. અલ્લાહની રઝામાં રાઝી થાય

અને અલ્લાહની મખ્લૂકની સાથે ભલાઈ કરે. પોતાની ઝાતને હકીર (હલકી) સમજે. ઘમંડથી દૂર રહે." હઝરત શૈખે ખુદાની રઝાની સાથે બંદાઓને આવી રીતે નસીહત આપી છે.

આપ ફરમાવે છે કે, "ખુદાવંદ તઆલાની રઝા, બંદાથી અને બંદાની રઝા, ખુદાવંદે તઆલાથી છે. બંદો અગર ખુદાવંદે કરીમની રઝામાં રાઝી હોય તો ખાલિક અને મખલૂકના પર્દા, વચ્ચેથી ઉઠવા લાગે છે."

બંદાથી ખુદાવંદે કરીમની રઝા એ છે કે, તે તેમને પવાબ, બુઝુર્ગી અને નેઅમતો અતા (અર્પણ) કરે છે અને ખુદાવંદે કરીમથી રઝા એ છે કે, તે હુકમોનું પાલન કરે. બંને જહાનનો ખુદા પોતાના બંદાઓને નેમતો આપે છે કે, અર્પણ કરવાનો વાયદો કરે છે. ત્યારે બંદો રાઝી થઈ જાય છે. પરંતુ તેના હુકમોને માનનારા તેના ખૌફ અને હૈબતથી એવી રીતે જ લુત્ફ પ્રાપ્ત કરે છે, જેવી રીતે ઈનામો અને લુત્ફો કરમમાં મળે છે. તે અવલિયા અલ્લાહ નજીક, અલ્લાહનો જમાલ તથા જલાલ બંને સમાન છે અને જેના બદલામાં તેમના દિલ ગૈરૂલ્લાહના વિચારોથી છૂટકારો મેળવીને તમામ જમાનાના રંજ-ગમથી આઝાદ થઈ જાય છે અને દિલને સુકૂન મળી જાય છે.

અસ્હાબે રઝા (રાઝી રહેનારા શખ્સો) ના ચાર પ્રકાર છે.

(૧) પ્રથમ ખુદાવંદે કરીમની અતા (અર્પણ) ભલે તે કેવી પણ કેમ ન હોય, તેમાં તે રાઝી રહે છે. તેને મઅરેફત કહેવામાં આવે છે.

(૨) બીજા દુનિયાની નેમત પર રાઝી રહે છે. આ દુનિયાવાળા કહેવામાં આવે છે.

(૩) ત્રીજા મુસીબત પર રાજી રહેવાવાળા અને સબ્ર કરે છે. આ રંજ-ગમ છે.

(૪) ચોથા હાલત અને કાનૂનની કૈદબંદીથી નીકળીને ફક્ત ખુદાવંદની ખુશી પર રહે છે. આ મુહબ્બત કહેવાય છે. જે તે ચારેયને પોતાના કલ્બ અને રૂહમાં સમાવી લે. તેના દરજાઓ દીન અને દુનિયા બંનેમાં બુલંદ થતા રહે છે.

## જમાલ અને જલાલ

**અફઝલુલ ફ્વાઈદ** માં હઝરત મહબૂબે ઈલાહી નિઝામુદીન અવલિયા કુદુસ સિર્રહુથી રિવાયત છે, "મોહબ્બત્તવાળાઓની એક એવી જમાઅત છે કે, તેમના અને હકના દરમિયાન કોઈ પડદો નથી. માટે એક બનાવે એવો બન્યો કે, હઝરત બહાઉદીન ઝકરિયા મુલતાનીની ખિદમતમાં એક શખ્સ આવ્યો અને આપના હાથ પર બૈત કરી. તેના પછી તે શખ્સે રજૂઆત કરી, "હું એવી નેઅમતને પ્રાપ્ત કરવા આવ્યો છું. જેનાથી મારા દિલ અને દિમાગ રોશન થઈ જાય. હું મુલતાનથી નજર ઉઠાવું તો દિલ્હી સુધી કોઈ હિજાબ (પડદો) વચ્ચે ન રહે અને દિલ્હીના દરો દિવાર જોઈ લઉં." હઝરત શૈખ ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહે ફરમાવ્યું કે, "જા ! ચિલ્લાકશી કર." તે શખ્સે ચિલ્લો પૂરો કર્યો. તેણે એ કમાલ પ્રાપ્ત કર્યો કે મુલતાનથી દિલ્હી સુધી કોઈ પડદો દરમિયાનમાં રહ્યો નહીં અને પોતાની આંખોથી દિલ્હીના બજાર અને મોહલ્લાને નિરખવા લાગ્યો.

તે શખ્સ ફરી હઝરત શૈખની ખિદમતમાં હાજર થયો અને

પોતાનો હાલ બયાન કર્યો અને રજૂઆત કરી "હું ચાહું છું કે, અર્શ સુધી કોઈ ચીઝ મારી નજરોથી છુપી ન રહે." હઝરત શૈખે ફરમાવ્યું, "જા ! ચિલ્લાકશી કર." તેણે ફરી ચિલ્લો પૂરો કર્યો. બીજી વાર એને તે દરજ્જાનો કમાલ પ્રાપ્ત થયો કે તે જમીનથી આસમાન સુધી દરેક ચીઝને વિના પડદે જોઈ શકતો હતો. કોઈ ચીજ છુપાએલી રહી નહીં. ફરી હઝરત શૈખની ખિદમતમાં હાજર થયો અને પોતાનો હાલ બયાન કર્યો. હઝરતે ફરમાવ્યું કે, "બસ ! તુ આના પર જ રોકાઈ જા !" પરંતુ તે શખ્સે ફરી રજૂઆત કરી કે, "હું ચાહું છું, મને હિજાબે અઝમત (બુઝુર્ગીના પડદા) ખુદાનો દીદાર નું નિરક્ષણ પ્રાપ્ત થઈ જાય." હઝરત શૈખે ફરમાવ્યું, "આવું ન કહીશ, તું હલાક થાય છે." હઝરત શૈખે આ વાત કહી જ હતી કે, તે શખ્સે નારો લગાવ્યો અને મરી ગયો."

આ વાત કરીને હઝરત મહબૂબે ઈલાહીની આંખોમાં આંસુ આવી ગયા અને ફરમાવ્યું, "શૈખ બહાઉદ્દીન રહમતુલ્લાહ અલયહ એ જોઈ લીધું હતું કે, તે કમાલને પહોંચી ચુક્યો છે. બીજું કોણ જાણે છે કે, તેના કદમ આ કમાલ પર પહોંચ્યા પછી ફરી જાય. એટલા માટે હઝરતે તેને આ મકામ પર ખત્મ કરી દીધો અને સચ્ચાઈ જણાવી દીધી. આ હતો હઝરતનો રૂહાની કમાલ કે પોતાના મુરીદ ને ક્યાંથી ક્યાં પહોંચાડી દીધો."

## હઝરત શૈખનો વિસાલ (મૃત્યુ)

આપના વિસાલની સાલમાં ઈતિહાસકારોમાં તફાવત જોવા મળે છે. **'તઝકેરએ ઓલમાએ હિંદ'** માં વિસાલની સાલ હિજરી

સન ૬૬૧ લખી છે. **'રા-હતુલ કુલૂબ'** માં હિજરી સન ૬૫૬, **'તારીખે ફરિશ્તા'** માં હિજરી સન ૬૬૬ અને **'મિરઅતુલ અસરાર'** માં હિજરી સન ૬૬૫. ફરિશ્તાના સિવાય તમામ ઈતિહાસકારોએ ૭ સફર, ગુરૂવારને આપનો વિસાલ દિવસ લખ્યું છે. હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહીથી રિવાયત છે કે, આપ વફાતના દિવસે પોતાના હુજરામાં યાદે ઈલાહીમાં ડૂબેલા હતા. આપના સાહિબઝાદા (દિકરા) હઝરત શૈખ સદરૂદ્દીન આરિફ દરવાજા પર ઊભેલા હતા. એક બુઝુર્ગ તશરીફ લાવ્યા. એક મોહરવાળો કવર (પરબીડિયું) હઝરત શૈખ સદરૂદ્દીન આરિફના હાથમાં આપ્યું અને ફરમાવ્યું કે, આ ખત (ટપાલ) હઝરત શૈખુલ ઈસ્લામ બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાનીની ખિદમતમાં પહોંચાડી દો. હઝર સદરૂદ્દીન ખતને હાથમાં લેતા જ ઓળખી ગયા અને અચંબામાં પડી ગયા. ખુદાના હુકમ આગંળ શું કરી શકીએ છીએ. વાલિદ (પિતા)ની ખિદમતમાં કવર રજૂ કરીને પરત ફર્યા તો જોયું તે બુઝુર્ગ ગાયબ હતા. હઝરત શૈખ ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહએ કવર ખોલ્યું અને તેને પઢતા જ ખુદાની બારગાહમાં પહોંચી ગયા. એક આવાજ બુલંદ થયો કે, **'વસલલ હબીબો ઈલલ હબીબ'** (અર્થ : દોસ્ત, દોસ્તથી મળી ગયો.) હઝરત શૈખ સદરૂદ્દીન અવાજ સાંભળતા જ હુજરામાં દાખલ થયા. તો જોયું કે, અવાજ હકીકત બની ગઈ છે. હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહ ફિરદોસે બરીંની તરફ રવાના થઈ ચુક્યા છે. ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન.

જન્મ હિજરી સન ૫૬૫ના પ્રમાણે આપની ઉમર શરીફ સો વર્ષના નજીક થઈ. આપનો મઝાર શરીફ મુલતાનમાં મરજએ ખલાઈક (સૌનું એકત્રિત સ્થાન) છે. જ્યાં આજે પણ રાત દિવસ અનવારે ઈલાહીની વર્ષા થાય છે. કહેવામાં આવે છે કે, શૈખે પોતાનો મકબરો પોતે બનાવડાવ્યો હતો. નાના વિરાનામાં તે સમયનો શ્રેષ્ઠ નમૂનો હતો. તે મકબરામાં આપના સાહિબઝાદા (દિકરા) ના સિવાય કુટુંબીજનોના પણ મઝાર છે. ત્યાં આજે પણ મોહબ્બતવાળા જઈને પોતાની અકીદતને જાહેર કરે છે અને મઝારોના ફૈઝો બરકાતથી ફૈઝ મેળવે છે.

**રા-હતુલ કુલૂબ** લખ્યું છે કે, જે સમયે હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાનીનો વિસાલ થયો તે સમયે અધોજનમાં હઝરત બાબા ફરીદુદ્દીન મસઊદ ગંજેશકર બેહોશ (બેભાન) થઈ ગયા. હઝરત બાબા સાહેબ રહમતુલ્લાહ અલયહને ઘણા સમય પછી હોશ આવ્યો. જ્યારે મુરીદોએ હાલ પૂછયો તો હઝરત બાબા સાહેબે ફરમાવ્યું, **'બિરાદરમ બહાઉદ્દીન ઝકરિયા રા અઝ આં બિયાબાને ફના બ શહરિશ્તાને બકા બુરદંદ'** અને ઊભા થઈ મુરીદોની સાથે ગાએબાના નમાઝે જનાઝા પઢી.

## હઝરત શૈખનો કિરદાર

આપનો કિરદાર બેમિસાલ હતો. આપ હક અને સચ્ચાઈના અલમબરદાર હતા. સમયના બાદશાહના સામે પણ સાચું બોલવાથી અચકાયા નથી. આપે ખુદાના બંદાઓની સર્વશ્રેષ્ઠ સેવા કરી છે. મુસલમાનોની કામયાબી માટે શિક્ષણ કેન્દ્રોમાં ફાળો આપ્યો અને

પોતાના શિક્ષણ કેન્દ્રમાં મફત શિક્ષણ અને પોષણની વ્યવસ્થા કરી. ગરીબો માટે પોતાનો દરવાજો હંમેશાના માટે ખુલ્લો રહેતો હતો. ગરીબોની દરેક રીતે સેવા કરવી પોતાનું ફર્ઝ સમજતા હતા. મહેમાનો માટે લંગરખાનામાં દરેક સમયે વ્યવસ્થા રહેતી હતી. આપ ભેટ, સોગાત વગેરે કબૂલ કરી લેતા હતા, પણ તરત જ ગરીબોમાં વહેંચી દેતા હતા. આપ ફરમાવતા હતા કે, માણસ ખુદાની રસ્સીને પકડીને દુનિયાની દરેક નેઅમતથી ફાયદો ઉઠાવી શકે છે. અગર માણસ ઈચ્છે તો, દોલતમાં રમતો હોય તેના બાવજૂદ પૂરી રીતે શરીઅતનો પાબંદ રહી શકે છે. દીની ફર્ઝો અદા કરી શકે છે અને ઈરફાને ઈલાહી પ્રાપ્ત કરી શકે છે. આપનું ફરમાન હતું કે, આમ આદમી દુનિયાદારોની જેમ ખાય પીએ અને દુનિયાની લજ્જતોથી ફાયદો ઉઠાવે. પરંતુ ખુદા અને રસૂલને ના ભૂલે. તેમાં જ કામ્યાબી છે અને આપે તેના પર અમલ કરીને પોતે પણ દેખાડી દીધું. મહેલોમાં રહેવા અને હિરા-ઝવેરાતમાં રમતા હોવા છતાં ખુદાની ઈતાઅત (આજ્ઞાપાલન) થી ક્યારેય ગાફિલ થયા નથી. ખુદાવંદે કરીમે જે નેમતો પોતાના બંદાઓ માટે પેદા કરી છે, તેનાથી સંપૂર્ણ ફાયદો લીધા પછી પણ પોતાના રબના મકબૂલ બંદા બની રહ્યા.

## તઅલીમાત (ઉપદેશો)

હઝરત શૈખુલ ઈસ્લામ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહએ સુહરવર્દી તરીકા થી પ્રજાની ખિદમત કરી. આપે પોતાના મુરીદોને જે તાલીમ આપી તેનાથી જાણવા મળે છે કે, આપ દુનિયાની જાળ-જંજાળની સાથે રહી યાદે ઈલાહીને બેહદ પસંદ

કરતા હતા અને ઈલ્મ પ્રાપ્ત કરવા માટે કહેતા રહેતા હતા. આપે ઈલ્મની ઓળખ આ રીતે કરી છે, "ઈલ્મનો અર્થ ઓળખાણ છે. ઈલ્મના વડે જ એક સાલિક (અલ્લાહનો તે બંદો જે ખુદાની નજદીકી ચાહે અને બુદ્ધિશાળી હોય.) અલ્લાહની બારગાહમાં દરજ્જાઓ અને મરતબાઓ પ્રાપ્ત કરે છે અને આ તે જ સમયે શક્ય છે કે, તે ઈલ્મ પ્રાપ્ત કરીને તેના પર અમલ પણ કરે." પછી ઈલ્મના બે પ્રકાર બતાવ્યા છે. (૧) ઈલ્મે ખુદાવંદે કરીમ અને (૨) ઈલ્મે મખલૂક.

આપે ફરમાવ્યું કે, ખુદાના ઈલ્મના આગળ બધા જ ઈલ્મો કંઈ જ નથી. કેમકે રબ્બે અકબર દાના (અકલમંદ) તથા બીના (જાણનાર) છે. તે દરેક વસ્તુને જાણે છે અને બંદાનો ઈલ્મ, ખુદાવંદે કરીમની ઓળખ છે. ખુદાના બંદાઓને એવો ઈલ્મ શોભા દે છે, જે ઈલ્મ તેના ઝાહિર (પ્રત્યક્ષ) અને બાતિન (પરોક્ષ) ના માટે ફાયદાકારક હોય. જેનો પહેલો ભાગ ઉસૂલી ઈલ્મ એટલે ઝાહિરમાં કલિમએ શહાદત પઢવું અને બાતિનમાં મઅરેફતે હક (હકની ઓળખ) ની શોધ કરવી. બીજો ભાગ ફરઈ એટલે ઝાહિરમાં સાથે મળીને કાર્ય કરવું અને બાતિનમાં તેના માટે સાચી નિય્યતનું રાખવું.

બાતિનનું ઈલ્મ હકીકત અને ઝાહિરનું ઈલ્મ શરીઅત છે. હકીકતના ઈલ્મના ત્રણ ભાગ છે. ખુદાવંદે તઆલાની ઝાતનો ઈલ્મ એટલે તે હંમેશાથી છે અને હંમેશા રહેશે. તે ન તો કોઈ ચોક્કસ જગ્યામાં છે અને ન તો કોઈ ખાસ દિશામાં. તેની કોઈ ઔલાદ નથી અને તેની કોઈ મિષાલ નથી. બીજો ભાગ ખુદાવંદે કરીમની સિફાત

(ગુણ)નો ઈલ્મ એટલે તે આલિમુલ ગૈબ (ગૈબનો જાણકાર) છે અને દરેક વસ્તુને જાણે છે, જુએ છે, સાંભળે છે. ખુદાવંદે તઆલાના કાર્યોનો ઈલ્મ કે તે તમામ મખલૂક (સૃષ્ટિ) નો સર્જક છે. એવી રીતે ઈલ્મના મૂળ બે ભાગ પર વહેંચાએલા છે. પહેલો ઈલ્મ ખુદાનો ઈલ્મ છે અને બીજો ખુદાની તરફથી બંદાઓને અર્પણ કરવામાં આવેલો ઈલ્મ છે.

આપે ફરમાવ્યું કે, ફકીરનો મરતબો ખુદાના નજીક ઘણો જ મોટો અને અફઝલ છે અને ફકીરની ઓળખ છે કે, તે અલ્લાહની રઝામાં રાજી હોય. ભલે ને તેની પાસે કંઈ પણ ન હોય. દુનિયાના ધન-દૌલતથી બે પરવા હોય. માલ હોય તો રાહે હકમાં ખર્ચ કરવા માટે હોય અને ન હોય તો શુક્ર (આભાર) તથા કનાઅત (થોડામાં રાજી) પર રહે. ફકીર જેટલો દુનિયાના માલ-મિલ્કતથી બેપરવા થતો જાય છે. તેટલો જ તેની જિંદગી અલ્તાફે ખફી (અદૃશ્ય ખુશી) અને રહસ્યોની રોશનીથી જોડાતી જાય છે. ફકીર રઝાએ ઈલાહી માટે દુનિયા તમામ વસ્તુઓને નજર અંદાજ કરી દે છે. એક ફકીરની શાન એ હોય છે કે, ફકીરી અને ભરોસાને દુનિયાની કોઈ ચીઝ (વસ્તુ) હાર આપી શકતી નથી અને તેની એક સાંસ બંને આલમ (દુનિયા)માં સમાઈ શકતી નથી. ફકીરે માલ-હોદાથી દૂર રહેવું શ્રેષ્ઠ છે. તેનાથી કુરબતે ઈલાહી (ખુદાની નઝદીકી)ના દરવાજા ખુલે છે.

આપે સૂફીની હેસિયતના ભાગ આ રીતે બયાન ફરમાવ્યા છે કે, સૂફી તે છે જેનું દિલ કદૂરતથી પાક તથા સાફ હોય કેમકે તસવ્વુફ બાબે તફઉલથી છે. જેની સિફત તકલ્લુફ (પોતાને તકલીફ

આપવી) છે. એટલે સૂફી પોતાના નફસ પર તકલીફ ઉઠાવે છે. સૂફી પોતાની ઝાતને ફના કરીને ખુદાના જલ્વાઓથી બકા પ્રાપ્ત કરે છે અને પોતાના નફસને મારીને હકીકતની તરફ ધ્યાન કરે છે અને ઝાતથી મુલાકાતનો ઈચ્છુક થાય છે. જે તેની આખરી મંઝિલ છે.

સૂફી પછી આરિફનો દરજ્જો આવે છે. આરિફ ઈશ્કે ઈલાહીમાં ખોવાઈ જાય છે અને ઉઠતા-બેસતા, ઊંઘતા-જાગતા તેની કુદરતના જલ્વાઓમાં ગુમ અને ડૂબેલા રહે છે. આરિફ પર જ્યારે હાલની કેફિયત શરૂ થઈ જાય છે તો તે એમાં એવો ગુમ થઈ જાય છે કે અગર ફરિશ્તા પણ તેનાથી વાત કરવા માંગે તો પણ તેમની તરફ ધ્યાન આપતો નથી. આરિફ હંમેશા ખુશહાલ રહે છે. ખામોશીમાં રબ્બે અકબરની બારગાહ સુધી તેની પહોંચ થાય છે. અલ્લાહના નજદીકીવાળાઓ પર તેની નજર રહે છે અને તે તેમના કામ-કાજ, સ્થાનને જોઈને હરખાય છે.

રાહે ઈરફાન (ઓળખના રસ્તા)માં એક એવી મંઝિલ આવે છે કે જ્યારે આરિફ કદમ ઉપાડે છે તો તે અર્શથી હિજાબે અઝમત (અઝમતનો પરદો) સુધી અને ત્યાંથી આગળ વધી જાય છે. તો હિજાબે કિબરિયાઈ સુધી પહોંચી જાય છે અને બીજા કદમ (પગલાં)માં પરત ફરી જાય છે. આ રહસ્ય ખુદા જ જાણે છે. આરિફની ઈચ્છાઓ અનુસાર દરેક કામ થાય છે. આરિફનો સૌથી નાનો દરજ્જો એ છે કે, તેનામાં સિફાતે ઈલાહી (ખુદાઈ ગુણો) દેખાય છે. આરિફથી અવારનવાર કરામતો જાહેર થતી રહે છે. આરિફ ખામોશ રહે છે તો જેવું કે ખુદાથી વાતો કરે છે અને જ્યારે

તે આંખો બંધ કરી લે છે તો તેને ઈચ્છા થાય છે કે, તે સમય સુધી આંખ ના ખોલે જ્યાં સુધી ઈસરાફીલ અલયહિસ્સલામના સૂરનો અવાજ તેના કાન સુધી પહોંચી જાય નહિ.

આરિફ રડે છે પરંતુ જ્યારે તેને કુરબતે ખુદાવંદી (ખુદાની નજદીકી) પ્રાપ્ત થાય છે તો તે રડવાનું બંધ કરી દે છે. આરિફ ખુદાનો દોસ્ત અને દુનિયાદારીનો દુશ્મન હોય છે. આરિફ એ છે જે દમ પ્રાપ્ત કરે અને જ્યારે આ દમ પ્રાપ્ત થઈ જાય તો ફરી જમીન અને આસમાનના વચ્ચે પોતાને ન પામે. આરિફનો દમ ઝિક્રે ખુદા છે. આરિફ એ છે જે સવારે ઉઠે તો રાત યાદ ના કરે. આરિફ મુહબ્બતમાં પરિપૂર્ણ હોય છે અને જ્યારે તે પોતાના મહબૂબથી વાતચીત કરતો હોય છે તો તે હોય છે કે તેનો દોસ્ત.

હઝરત શૈખે પોતાના એક મુરીદને લખ્યું કે, આ ફકીરે સાંભળ્યું કે, એક સમયે શૈખુશ્શુયૂખ શહાબુદ્દીન અબૂ અબ્દુલ્લાહ ઉમર બિન મોહમ્મદ સુહરવર્દી પોતાના પીર ઝિયાઉદ્દીન અબુલ નજીબ અબ્દુલ કાદિરની સાથે હરમે કાબામાં ઉપસ્થિત હતા. તે સમયે હઝરત શૈખ અબુલ નજીબ પર કેફિયત જારી હતી. તે જ સમયમાં હઝરત ખિઝર અલયહિસ્સલામ આવ્યા. પરંતુ શૈખે તેમની કોઈ દરકાર કરી નહીં. તે થોડાક સમય રોકાયા અને પરત ફરી ગયા જ્યારે શૈખ હોશમાં આવ્યા તો શૈખ શહાબુદ્દીને જે પોતાના પીરના મિઝાજને જાણતા હતા, અર્ઝ કરી કે, "શૈખને શું થઈ ગયું ? અંબિયા અલયહિસ્સલામમાંથી એક નબી આપની ઝિયારત (દર્શન) માટે તશરીફ લાવ્યા અને આપે તેમની જરાય પરવા ન કરી ?"

હઝરત શૈખે તેમની તરફ જોયું અને ગુસ્સાથી લાલ થઈ ગયા. ફરમાવ્યું, "અફસોસ ! તું શું જાણે ? ખિઝર અગર ચાલ્યા ગયા તો ફરી આવશે. આ સમય, જ્યારે મારો ખુદા સાથે મેળાપ હતો, હાથથી નીકળી જાત તો પછી પાછો આવતો નહીં અને તેનો અફસોસ કયામત સુધી બાકી રહેતો." આ જ વાત થઈ રહી હતી કે, હઝરત ખિઝર અલયહિસ્સલામ આવી ગયા. હઝરત શૈખે ઊભા થઈને તેમનું સ્વાગત કર્યું અને ઘણી જ નમ્રતાથી વર્તન કર્યું. **'નરજૂ મયામિન બરકાતિહિમ મિનલ લા હિલ કરીમ.'** (અર્થ : અલ્લાહ બુઝુર્ગથી અમે તેની બરકતોની જગ્યા એટલે પનાહના સ્થાનની ઉમ્મીદ રાખીએ છીએ.) તે માટે મુરીદ પોતાના સમયમાં કુશાદગી અપનાવે. તેની સુરક્ષા અને ધ્યાન રાખે અને ખુદાના ઝિક્રથી પોતાના કલ્બો જિગરને મુહબ્બત કરાવી દે. અગર તેને ઝિક્રે હકથી મુહબ્બત હશે નહીં તો, તે અલ્લાહ તઆલાની મુહબ્બતની ખુશ્બૂ પણ મેળવી શકશે નહીં.

એક મુરીદને લખ્યું કે, શરીરની સલામતી ઓછો ખોરાક ખાવામાં છે. રૂહની સલામતી ગુનાહને છોડવામાં અને દીનની સલામતી હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર દુરૂદ અને સલામ મોકલતા રહેવામાં છે.

એક મુરીદને નસીહત ફરમાવી કે, તમે અલ્લાહ તઆલાના ઝિક્રને પોતાના ઉપર જરૂરી ઠેરવી લો. ઝિક્રથી જ ઇચ્છુક, મુહબ્બત સુધી પહુંચી જાય છે. મુહબ્બત એક એવી આગ છે કે, દિલના બધા જ મેલ-કચરાને બાળી નાખે છે. જ્યારે મુહબ્બત મજબૂત થઈ જાય છે તો જેનો ઝિક્ર કરવામાં આવે છે તેના (અલ્લાહ તઆલા) દર્શનની

સાથે ઝિક્ર, હકીકતમાં ઝિક્ર થાય છે. આ જ તે ઝિક્ર છે જેના પર અલ્લાહ તઆલાનો આ કૌલ **'વલ ઝુરુલ્લાહ કસીરન લ-અલ્લકુમ તુફ્લિહૂન'** માં કામયાબીનો વાયદો છે. ઝિક્રે ઈલાહી કલ્બને જિંદગી અર્પણ કરે છે અને મુર્દા દિલને શક્તિ અર્પણ કરે છે.

રિસાલો **'મઅના બયાને તરીકત'** જે **'કિતાબુલ અવરાદ'** નો એક ભાગ છે. તેમાં આપે લખ્યું છે કે, આ રસ્તામાં પ્રથમ કદમ તર્કે દુનિયા છે. નફસિયાતી વહેંચણી છે કે, જ્યારે આદમી દુનિયામાં ગર્ક (મશગૂલ) થઈ જાય છે, તો તે દુનિયાની તરફ દોડે છે અને દુનિયા તેનાથી ભાગે છે. જેના કારણે માણસને પૈદા કરવાનો મકસદ (ઉદ્દેશ) ખત્મ થઈ જાય છે અને તે કામ બાકી રહી જાય છે. જેના માટે પેદા કરવામાં આવ્યો છે. હકીકતમાં બંદાઓનું કાર્ય શું છે ? અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, **'વમા ખલક-તુલ જિન્ન વલ ઈન્સ ઈલ્લા લિ યઅબુદૂન.'** (અર્થ : મેં જિન્નાતો અને માણસોને પોતાની ઈબાદત માટે પેદા કર્યા છે.) બંદાપણુ અલ્લાહ તઆલાના રહસ્યોમાંથી એક રહસ્ય છે અને તે રહસ્ય કુરબત (નજદીકતા) છે. બંદાને ખુદાઈ ખૂબીના તેહત પૈદા કરવામાં આવ્યો છે. એટલા માટે વચ્ચે હિજાબ (પરદો) છે. એ કારણે અલ્લાહ તઆલાની બારગાહ સુધી પહોંચી શકતો નથી. માણસના શરીરના દરેક ખુણામાં શેહવત અને ઈચ્છાઓ ભરેલી છે. જે તેના પરદાનું કારણ બનેલું છે. તે માટે આંખની શેહવત હરામ ચીઝોને જોવાથી પૂરી થાય છે. કાનની શેહવત હરામ વાતો સાંભળીને અને જીભની શેહવત ખરાબ વાતો બોલવામાં અને નાકની શેહવત સૂંઘવામાં, તાલૂની ચાખવામાં,

શરીરની શેહવત આરામ કરવામાં અને દિલની શેહવત ચિંતા કરવામાં પૂરી થાય છે.

માણસમાં અસલ ચીઝ દિલ છે અને જ્યારે તેની સુધારણા થઈ જાય છે. તો માણસના દરેક અંગોની સુધારણા થવા લાગે છે. દિલની 'મોત' અને દિલની 'ઝિંદગી' પણ આવી જ રીતે છે. અગર હકનો ગુલામ નથી તો મુર્દા છે અને ઝિક્રે ઈલાહીમાં મશગૂલ છે તો દિલ જીવંત છે. હક તઆલા ફરમાવે છે. **'અવ મન કા-ન મયતન ફ-અ-હય-યનાહુ.'** (અર્થ : અને જે મુર્દા હતા તેમને અમે જીવતા કર્યા) અલ્લાહ તઆલાના સિવાય દરેક પ્રકારની ચિંતા કરવી દિલના મરી જવાની દલીલ બની જાય છે. જેવું કે, તે વિરાન જમીન, જેમાં ઝાડીઓની હારમાળા હોય, પણ તેમાં બીજ રોપવામાં આવે તો તે સ્વીકાર કરતી નથી. કહેવામાં આવે છે કે, આ જમીન મુર્દા છે. પરંતુ જ્યારે દિલથી દુનિયાનો સંબંધ ખત્મ થઈ જાય, નફસનો જોર ઓછો થઈ જાય અને બંદો પોતાના સમયમાં ઝિક્રો તિલાવતમાં રચ્યો પચ્યો રહે તો તે દિલ નૂરે અકબરથી જીવંત થઈ જાય છે. બસ, આ રસ્તામાં બધું જ કામ દિલનું છે. એમાં જેટલી સલાહિયત (સુધારણા) થશે, એટલો જ એ મઅરેફતે ઈલાહી (ખુદાની નજદીકી) ને ઓળખશે. જ્યારે આદમી પોતાના બાતિનને પાક અને સાફ કરી લે, તેના દિલમાં દુશ્મની, અદેખાઈ, લાલચ, બડાઈ, કિનો, કપટ વગેરે જ્યાં સુધી રહેશે અથવા તેમાંથી એક પણ ચીઝ દિલમાં મૌજૂદ રહેશે તો, રાહે તરીકત (તરીકતના માર્ગ) થી વંચિત રહેશે. આ ચીઝોથી છૂટકારો મેળવવાનો તરીકો એ છે કે, માણસ પોતાના કહેવામાં-કરવામાં,

ઝાહિર અને બાતિન હકની રાહમાં લગાવી દે અને તમામ ગુનાહોથી દૂરી પસંદ કરે. ગુનાહે સગીરા અને ગુનાહે કબીરા કરવાનો વિચાર પણ દિલમાં લાવે નહિ.

લખે છે કે, નમાઝ નિયાઝથી છે અને નિયાઝ ખશિય્યત (ડરવા) થી છે અને ખશિય્યત (ડરવું) ઈલ્મથી છે અને ઈલ્મથી ઉદ્દેશ જાણવું છે. ફરમાવે છે કે, જે શખ્સ અમલ (કાર્ય) કરે અને તેની હકીકત ન જાણે તો આ બિલકુલ અજ્ઞાનતા છે અને અજ્ઞાનતા કુર્બે ઈલાહીથી રોકનાર છે. અલ્લાહ તઆલા ફરમાવે છે, **'તલમૂ મા તફૂલૂન.'** (અર્થ : જે તમે કહો છો તેને જાણવું પણ જોઈએ.) જીભ દિલનો તરજુમાન છે અને દિલ મકામે ઈયાનમાં છે. માટે જે કોઈ નમાઝ પઢે અને તેનું દિલ કોઈ બીજી જગ્યાએ હોય તો તેનું દિલ ન તો ઈયાનમાં હોય છે ને ન જીભની વાતચીતમાં અને ન તો કાલિબે કિરદારમાં. જેવું કે, નબીએ કરીમ સૈયદે આલમે એક ગાઝીને ફરમાવ્યું, **'કુમ ફસલ્લી ફઈન્ન-ક લમ તુસલ્લિ.'** (અર્થ : ઊભો થા, અને નમાઝ પઢ કેમકે તેં નમાઝ પઢી નથી.) સરદારે આલમે સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવ્યું, "આવી નમાઝ ફાયદા વિનાની છે. જે તેં પઢી છે." આનાથી મુરાદ એ છે કે, હકીકતની જાણકારી માટે દિલને બુરાઈઓથી પાક કરે. દિલને જે ચીઝ નાપાક કરે છે તે દુનિયાની દોસ્તી છે.

**'હુબ્બુદ દુનિયા રઅસુ કુલ્લિ ખતીઅતિન.'**

(અર્થ : દુનિયાની મુહબ્બત દરેક ભૂલનું મૂળ છે.) અને દુનિયાની દોસ્તી દિલથી નીકળતી નથી પરંતુ એકાંતપણું અને

એકાંતવાસમાં (નીકળે છે.) મશાઈખે ફરમાવ્યું છે કે, રાહે હકીકતમાં જે પ્રથમ મંઝિલ છે તે એકાંતવાસ છે. આ રિસાલો **'મઅના બયાને તરીકત'** માં આપે લખ્યું છે કે, એકાંતવાસ ધારણ કરવા માટે દસ વાતોનું હોવું અત્યંત આશયક છે. માટે આદમીના દિલની હાલત સારી થાય. (એક) ઈલ્મ, એટલા માટે કે તેનો એકાંતવાસ સાચો થાય અને તે હકને બાતિલથી અલગ કરી શકે. (બે) બધા જ દુનિયાના અસબાબ (કારણો)માં પરહેઝગારી હોવી જોઈએ. (ત્રણ) મહેનત અને તકલીફને ધારણ કરે, ન કે રાહત અને નેઅમત માટે જરૂરતથી વધારે ઈમારતો બનાવે. (ચાર) એકાંતવાસને સલામતીના માટે ધારણ કરે (પાંચ) દિલની નજર ઉકબા (આખેરત)ની તરફ રાખે. (છ) પોતાને બધા જ લોકોથી નીચે સમજે. એટલા માટે કે તે પોતાની બુરાઈઓથી દૂર થઈ શકે. (સાત) અમલમાં સુસ્તી ના કરે. કેમકે સુસ્તી અમલના રસ્તાનો પહાડ છે. (આઠ) ઘમંડથી બચે. (નવ) દિલના ઘરને ખુદાનું ઘર સમજે અને તેને બુરાઈઓથી પાક કરે અને (દસમી) વાત એ છે કે, જે વાત તેને રાહે ખુદાથી દૂર રાખવાનો પ્રયત્ન કરે, તેનાથી સંબંધ તોડી દે અને બધી જ ખલ્કથી પરહેઝ કરે. અગર પોતાની આલ-ઔલાદમાં પણ બેસે તો પોતાની તબીઅત ઉપર એકાંતવાસનો એહસાસ કાયમ રાખે. શેહવતોના ગલબા (જબરદસ્તી) થી પાક રહે અને એકાંતવાસમાં સાચો થાય. એકાંતવાસમાં હકના સિવાય દિલની અંદર કોઈ ગૈર ન હોય અને બંદો પોતાના હાલનો મુરાકબો કરનારો બને. આગળ લખે છે કે, "મુરીદે મુરાકબાના સમયે પોતાના સમયનો પાબંદ થાય અને સિવાય

હક તઆલાની મુહબ્બતના દરેક ચીઝની મુહબ્બતને પોતાના ઉપર હરામ કરી લે. અગર ખુદાના ઝિક્રથી દોસ્તી ન હોય તો તે ખુદાએ બંને જહાનની તજલ્લીની ખુશ્બૂ પણ પામી શકે નહીં. મુરીદ પર આવશ્યક છે કે, તે ઈલ્મે તૌહીદ અને ઈલ્મે શરીઅતને જાણતો હોય અને ઈલ્મની સાથે-સાથે અમલ પણ કરે. અગર અમલમાં સાબિત કદમ રહે અને ઈલ્મને માર્ગદર્શક બનાવે તો શયતાનની મારથી સુરક્ષિત રહેશે. કેમકે અમલ, ઈલ્મ વિના કોઈ હેસિયત રાખતું નથી. **વનઉઝુબિલ્લાહિ મિનહા મિન અ-મલિન બિલા ઇલમિન વ ઇલમિન બિલા અ-મલિન.** (અર્થ : અને અલ્લાહની પનાહ માંગીએ છીએ ઈલ્મ વિનાના અમલથી અને અમલ વિનાના ઈલ્મથી) માણસ અલ્લાહનો સાચો બંદો બને અને અલ્લાહ તઆલાની તલબમાં નિય્યત સાચી રાખે. એટલા માટે કે અલ્લાહ તઆલા તેના વિશ્વાસ અને અમલમાં બરકત દે. આગળ લખે છે કે, મુરાકબામાં અગર નફસનો જોર હોય અને ઊંઘવા માંગતો હોય તો ઊંઘી જાય કેમકે આલિમનું ઊંઘવું પણ અલ્લાહની બંદગી અને આજ્ઞાપાલન છે. **'નવમુલ આલિમિ ઈબા-દતુન'** (અર્થ : આલિમની ઊંઘ પણ ઈબાદત છે.) ખુદાએ અઝઝ વ જલ્લના નજદીક આલિમનું ઊંઘવું, બીજાઓના જાગવાથી ઘણું જ બેહતર છે. મુરીદના માટે આવશ્યક છે કે, તે જીભથી ઝિક્ર કરે અને નેક કાર્યોની પાબંદી કરે અને દરેક સમયે અલ્લાહની રઝામાં રાજી રહે. ફિસ્કો ફુજૂર (આજ્ઞાનું ઉલ્લંઘન અને હરામ કાર્યો) ને પોતાના રસ્તામાં પ્રવેશ થવા દે નહીં. કુર્આને પાકની તિલાવત એવી રીતે કરે કે નફસાની અવાજના બદલે કુર્આનનો

મતલબ કાનોમાં ગૂંજવા લાગે. અગર કુર્આનની તિલાવતમાં દિલ આરામ કરવાનું ચાહે તો આરામ કરે. પરંતુ ચિંતા કરે.

**'તફક્કુરૂ સાઅતિન ખયરૂમ મિન ઈબાદતિન સનતિન.'** (અર્થ : થોડો નેક વિચાર, વર્ષભરની ઈબાદતથી શ્રેષ્ઠ છે.) મુરાદ એ છે કે, એવી ઈબાદત જે ઈખ્લાસથી ભરપૂર ન હોય તેના કરતાં એ ચિંતન ઉત્તમ છે જેમાં સર્જક અને સર્જન બાબત ચિંતન હોય તો જરૂરી છે કે, અલ્લાહની રચનાઓ પર વિચાર કરે અને અલ્લાહની ઈબાદતની તરફ ઈચ્છા રાખે. આ ચિંતન, સર્જક (ખ઼ાલિક) ની ઝાતમાં કરે અને અલ્લાહ તઆલાની નેમતોને વિચારે. આકાશ-જમીન, જન્નત-દોઝખથી લઈને શરૂઆતમાં પૈદા કરેલી ચીજો પર વિચાર કરે. આ અમલમાં દુનિયાથી બેધ્યાન રહે. કેમકે નફસ દુનિયા તરફ લઈ જાય છે.

આપે લખ્યું છે કે, જ્યારે બંદાનો વિશ્વાસ પાકો થઈ જાય છે ત્યાં સુધી કે તેના કામ-કાજ અને રહેન-સહેનમાં ખુદાના જલ્વા દેખાવા લાગે છે. તેની આદતો, તેના નફસ ઉપર વર્ચસ્વ ધરાવે છે. બંદા અન ખલ્કના વચ્ચે કોઈ પર્દો રહેતો નથી. ખુદાવંદે કરીમ દરેક સમયે તેની રક્ષા કરે છે. આ મંઝિલ બંદાના માટે એવી હોય છે કે, જે કંઈ જીભ કહે છે તે પૂરૂ થઈ જાય છે. એટલે કે જે ઈચ્છે એ મુરાદ પૂરી થઈ જાય છે.

## હઝરત શૈખની તસનીફાત (લખેલી કિતાબો)

હઝરત શૈખની તસનીફાત (લખેલી કિતાબો)નું વર્ણન કોઈ ઈતિહાસકારે કર્યું નથી. ફક્ત શૈખ અબ્દુલહક મોહદિસ દહેલ્વીએ **મજમઉલ અખબાર** ના હવાલાથી હઝરતના કેટલાક ઈરશાદાત (ઉપદેશ) લખ્યા છે. આવી રીતે પ્રોફેસર મુહમ્મદ શફીએ પોતાના મકાલા "શૈખુલ ઈસ્લામ બહાઉદ્દીન અબૂ મુહમ્મદ ઝકરિયા મુલતાની રહમતુલ્લાહ અલયહ"માં એક કલમી નુસ્ખાનું વર્ણન કર્યું છે. જેનું નામ **"કિતાબુલ અવરાદ"** બતાવ્યું છે. તે લખે છે કે, આ કિતાબ આજ-કાલ પંજાબ યુનિવર્સિટીની માલિકીમાં છે. કિતાબુલ અવરાદ ફારસીમાં લખવામાં આવી છે. પરંતુ તેમાં વધુ પડતી દુઆઓ અને વિર્દો અરબીમાં છે જેના કારણે આ કિતાબ અરબીની કિતાબ લાગે છે. તેના દરેક વિભાગનો વિષય, શબ્દ 'ઝિક્ર'થી શરૂ થાય છે. આ કિતાબ સૂફીઓની ઝિંદગીની રીત પર એક સારી કિતાબ છે. જેમાં નમાઝ, રોઝા, તહારત, તૌબા અને ઈખ્લાસ (નિસ્વાર્થતા) વગેરેની તારીફ કરવામાં આવી છે અને તેના મસ્અલાઓ બયાન કરવામાં આવ્યા છે.

## એક નઝર ઇધર ભી !

હઝરત મુહિબ્બે મિલ્લતની સર-પરસ્તીમાં સ્થપાયેલ, સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી (રૂપાલ) લગભગ ઈ.સ. ૧૯૮૫ થી (છેલ્લા ૩૨ વર્ષથી) દીન અને સુન્નિયતની સેવામાં કાર્યરત છે. લગભગ ઈ.સ. ૧૯૯૮ થી (છેલ્લા ૧૮ વર્ષથી) નાની-મોટી કિતાબો સ્વરૂપે ઈસ્લામી ગુજરાતી સાહિત્યનો પ્રચાર અને પ્રસાર 'મફત'માં કરી રહેલ છે. અત્રે સંસ્થા દ્વારા પ્રકાશિત પુસ્તકોની યાદી રજૂ કરેલ છે. જો કે હાલમાં આ કિતાબોનો સ્ટોક બિલ્કુલ નથી, માટે મંગાવશો નહિ. આવી જૂની-નવી કિતાબો વધુને વધુ પ્રગટ કરવાની નેમ છે. માટે આપનો આજ સુધી મળેલ સદાબહાર આર્થિક સહકાર આજે અને ભવિષ્યમાં પણ અનિવાર્ય છે. ડોનેશન, લિલ્લાહ, અતિયા, ઈમદાદ, ઝકાત, કુર્બાનીની ખાલની રકમ, મર્હૂમોના ઈસાલે સવાબની રકમ, જે પણ કહો, સૌ પ્રકારની આર્થિક મદદ મોકલી શકો છો. અન્ય સખી દાતાઓ, હમદર્દો, મુજાહિદો તથા વાંચકોને પણ શામેલ કરી શકો છો.

એક વાત યાદ રાખશો કે પોસ્ટઓફિસ દ્વારા મનિઓર્ડરથી જે રકમ આવે છે તેની સાથે સાથે મોકલનારના નામ, સરનામા કે ફોન નંબર કે રકમનો પ્રકાર વગેરે વિગતો બિલ્કુલ મળતી નથી. જેથી સંસ્થાને જાણ થતી નથી કે દાતા કોણ છે અને રકમ શાની છે ? માટે મનિઓર્ડર કરો તો અલગથી પોસ્ટકાર્ડ, ફોન, **SMS** કે વોટ્સએપ દ્વારા પૂરી જાણકારી મોકલી આભારી કરશો. જેથી સંસ્થા આપને રકમ મળ્યાની પહોંચ કે મંગાવેલ કિતાબ કે અન્ય સાહિત્ય ચોક્કસ મોકલી શકે.

## પ્રસિધ્ધ થયેલ અન-અવેલેબલ (અપ્રાપ્ય) પ્રકાશનો

(૧) જરૂરી દુઆઓ (૨) ઈમાની તારલા ભાગ-૧ (૩) ઈમાની તારલા ભાગ-૨ (૪) રૂપાલના રૂહાની રહબર (૫) નસીમે સહર (૬) ખ્વાજા-એ આઝમ (૭) મુબલ્લિગે આઝમ (૮) ઘરથી કબર સુધી (૯) રાહે તરીકત (૧૦) લૈલતુલ કદ્રની ઈબાદત (૧૧) હજ-ઉમરાહના એહકામ (૧૨) રહમતની ઋતુ (૧૩) ૪૦ હદીસ (૧૪) સફી-નએ નૂહ (૧૫) ઈસ્લામી તાલીમ (૧૬) કુર્આનના મોતી (૧૭) રૂહાની ઈન્આમ (૧૮) મન્સબે રસૂલે આઝમ (૧૯) નસીમે હરમની સુધારા-વધારાવાળી આવૃત્તિ (૨૦) એ'તેકાફ અને લૈલતુલકદ્ર (૨૧) ગૌસે આઝમકે ૧૧ નામ (૨૨) વલીયુલ્લાહના પરિચય આપતું પોસ્ટર (૨૩) કશ્ફુશ શુબ્હાત (૨૪) તોહફ-એ હરમ (૨૫) ઘરથી કબર સુધી (બીજી આવૃત્તિ)

(યાદ રહે, આ કિતાબો સ્ટોકમાં નથી, મંગાવવી નહીં)

**તદ્દન નવા પ્રકાશનો મળશે.**

(૨૬) કયામત શા માટે ? (૨૭) હઝરત ઝકરિયા મુલ્તાની

મફત પ્રકાશનો પ્રાપ્ત કરવા તથા દરેક પ્રકારની મદદ કરવા માટે સંપર્ક કરો.

**સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી**

મુ. રૂપાલ, તા. બાવળા, જિ. અહમદાબાદ-૩૮૨૨૨૦.

(મો.) ૯૦ ૯૯ ૮૮ ૫૫ ૯૧

## ખલીફએ હઝરત
## શહાબુદ્દીન
## ઉમર સુહરવર્દી
## હઝરત બહાઉદ્દીન
## ઝકરિયા મુલ્તાનીકી
## શાનમેં મન્કબત

ખુદાએ પાક્કા ઇર્ફાન હૈં બહાઉદ્દીન
મદીનેવાલેકી પહચાન હૈં બહાઉદ્દીન
નસબ કુરૈશી અ-સ-દી વ હાશમી મક્કી
હ-સ-ની શિજરેકે ગુલદાન હૈં બહાઉદ્દીન
સનદ હૈ ખુલ્દકી યે સિલસિલા સુહરવર્દી
મુહાફિઝે ગુલે ઈમાન હૈં બહાઉદ્દીન
બહા-એ-દીન ફરિશ્તા, ઝકરિયા મુલ્તાની
વિલાયતોંકે યે ઉન્વાન હૈં બહાઉદ્દીન
મિલા હૈ સત્રહ દિનોંમેં હી ખિર્કએ મુર્શિદ
કરામતોંકા ગુલિસ્તાન હૈં બહાઉદ્દીન
'કમાલ' ખાદિમે બત્હા ભી ઇક મુહદ્દિસ થે
ઉન્હીંકે દર્સકા ફૈઝાન હૈં બહાઉદ્દીન
'રઈસુલ અવલિયા' કહલાયે આપ દુનિયામેં
અમીરે મુલ્ક વ ધનવાન હૈં બહાઉદ્દીન
વો એક હફતા ન ખાયા-પિયા ન બોલે આપ
ખુદાકે આશિકો મસ્તાન હૈં બહાઉદ્દીન
તુમ્હારી આંખસે ટપકે વો અશ્ક, મોતી બને
અજબ ખઝી-નએ રહમાન હૈં બહાઉદ્દીન
કલામે પાક પળ્હા કરતે, દો રકાતોંમેં
કુછ ઐસે આમિલે કુર્આન હૈં બહાઉદ્દીન
લુટાઈ આપને દૌલત હમેશા દીંકે લિયે
અતાએ હઝરતે ઉસ્માન હૈં બહાઉદ્દીન
નમાઝે ફજ-ર ઇશાકે વુઝૂસે પળ્હતે હૈં
રિયાઝતોંમેં ભી ઝી-શાન હૈં બહાઉદ્દીન
નસીબ હોગા ઉન્હેં, બાદશાહી દસ્તરખ્વાન
જો આપકે હુવે મહમાન હૈં બહાઉદ્દીન
રખે હૈં રોઝે મુસલસલ તુમ્હીંને બીસ બરસ
મેરી નઝરમેં તો રમઝાન હૈં બહાઉદ્દીન
સુનો ફરિશ્તો ! અકીદા હૈ યે ભી 'અશરફ'કા
મેરી નજાતકા સામાન હૈં બહાઉદ્દીન

શાઈરે જદીદ
નિઝામ કુરૈશી અશરફી
'અશરફ' અહમદાબાદી.
M. : 93 28 786 92 0

## જાણવા જેવું...

ઇસ્લામની શરૂઆતમાં કુર્આનશરીફની આયતો અને હદીસશરીફ સહાબાએ કિરામને કંઠસ્થ (મોઢે યાદ) હતી. પરંતુ એક યુધ્ધમાં શહીદ થયેલા લોકોમાં હાફિઝે કુર્આનની સંખ્યા વધારે હતી. પરિણામે કુર્આને પાકને સંગ્રહિત-સંકલિત કરવાની નેકી અમલમાં આવી. તે સમયે આયતોને પથ્થરો પર, વૃક્ષોની છાલ અને હરણ જેવા પ્રાણીઓની ખાલ (ચામડા) પર લખવામાં આવી હતી. સમય જતાં, કાગળ અને પ્રિન્ટીંગ મશીનોનો જમાનો આવ્યો તો પુસ્તકો સ્વરૂપે ઇસ્લામી સાહિત્ય પ્રકાશિત થયું. હવે પ્રિન્ટ મિડિયાની જગાએ ઈલેક્ટ્રોનિક મિડિયા અસ્તિત્વમાં આવ્યું છે એટલે ઇસ્લામ વિષેની સમગ્ર માહિતી સીડી, વીસીડી, ટીવી, મોબાઈલ, વેબ સાઈટ અને ઇન્ટરનેટ ઉપર પ્રાપ્ત થવા માંડી છે. પરંતુ આપણે ભારતવાસી છીએ. વિદેશો કરતાં સાવ પાછળ છીએ. હજી પ્રિન્ટ મિડિયામાં પણ વર્ષો કાઢવાના છે. છતાં ખુદાનો શુક્ર અને રસૂલે ખુદાનો ઉપકાર છે કે ઝરૂરતસે કમ, ઉમ્મીદસે ઝિયાદા કામ થઈ રહ્યું છે. પ્રિન્ટ મિડિયા દ્વારા દીનો મિલ્લત તથા અહલે સુન્નતની ખિદમત કરતી એક સંસ્થા,

**સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી (રૂપાલ)**

પણ ગુલશને નબુવ્વતકે ફૂલ, ઝીનતે મિમ્બરે રસૂલ, હઝરત મુહિબ્બે મિલ્લત સૈયદ દાદામિયાંબાપુ રૂપાલવાળાની સર-પરસ્તીમાં જગજાહેર સારૂં કામ કરી રહી છે. તો સૌ સુન્ની મુસલમાનોને ખાસ અરજ છે કે દામે દિરહમે સુખને કદમે, તન મન ધન અને ફનથી આ સંસ્થાને મદદ કરી મજબૂત બનાવી વધુ ખિદમતગાર અને લોકપ્રિય બનાવો.

**આ રમઝાનશરીફમાં લિલ્લાહ તથા ઝકાત મોકલી દીની કિતાબો મફત પ્રાપ્ત કરો.**

અભિપ્રાય, સૂચન, મદદ મોકલવાનું સરનામું :

**સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી**

મુ.રૂપાલ, તા.બાવલા, જિ.અહમદાબાદ-૩૮૨૨૨૦

Mob. : 90 99 88 55 91

પ્રિન્ટેડ & ડીઝાઇન બાય : MP મદની પ્રિન્ટર્સ (અહમદાબાદ-૧) ☎ ફોન: 93 28 786 92 0